# ારિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## નાનાસાંજા (જિ. ભરૂચ)


-: અહેવાલ લેખન :-

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

ચંદ્રકાન્ત પટેલ

-: સંકલન :-

ડૉ. ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૯૦



૨૭૮

# અ નુ ક્ર મ ણિ કા


| | | | |
|---|---|---|---|
| પ્રકરણ- ૧ | : | પ્રાસ્તાવિક અને વિસ્તાર પરિચય | ૯ થી ૧૨ |
| પ્રકરણ- ૨ | : | ભૌતિક સંસ્કૃતિ | ૧૩ થી ૨૦ |
| પ્રકરણ- ૩ | : | સામાજિક જીવન | ૨૧ થી ૩૩ |
| પ્રકરણ- ૪ | : | આર્થિક જીવન | ૩૪ થી ૫૨ |
| પ્રકરણ- ૫ | : | ૧૯૮૯માં આદિવાસીઓમાં દેખાતા પરિવર્તનો | ૫૩ થી ૬૯ |
| પ્રકરણ- ૬ | : | અભ્યાસ આધારિત પ્રશ્નો, તારણો અને સૂચનો. | ૭૦ થી ૭૯ |


-o-o-o-

# પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક અને વિસ્તાર પરિચય

### પ્રાસ્તાવિક :-

૧૯૮૧ પ્રમાણે રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ ૧૪.૨૨ ટકા છે. તેમાં જુદી જુદી ૨૮ અનુસૂચિત જનજાતિઓનો સમાવેશ થાય છે, આ ૨૮ આદિવાસી જાતિમાંથી કેટલાક જૂથોની વસતિ વધુ છે તો કેટલાક જૂથોની વસતિ બહુ જ થોડી છે. ૧૯૬૯માં આદિવાસી કેન્દ્ર તરફથી એવું નકકી કરવામાં આવ્યું કે રાજ્યમાં જે આદિવાસીઓની વસતિ એક લાખ કરતાં વધુ હોય તેના સાંસ્કૃતિક અને સામાજિક- આર્થિક અભ્યાસો કરવાના. એ મુજબ સઘન આદિવાસી વસતિ ધરાવતા વલસાડ, સુરત, ભરુચ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ જિલ્લામાંથી જે તાલુકામાં વધુ સંખ્યામાં એક લાખ કરતાં વધુ વસતિવાળી જાતિઓ હોય તે તાલુકા પસંદ કર્યા. આ રીતે ઉપરોક્ત સાત જિલ્લામાંથી ૧૧ તાલુકા પસંદ કરી ૧૧ ગામોનો અને તેમાં વસતા આદિવાસી કુટુંબોનો સામાજિક આર્થિક અભ્યાસ કરવાનું નકકી થયું હતું. એ મુજબ ભરુચ જિલ્લામાંથી (તા. ઝગડીયા) 'નાનાસાંજા' ગામ પસંદ થયું હતું. જોકે આ ગામમાં અડધી વસતિ આદિવાસીની છે, જેથી તપાસમાં આદિવાસી અને બિન આદિવાસી એમ બંને જાતિઓના કુટુંબોનો સમાવેશ કર્યો છે. સાથે એક બાબતનો ઉલ્લેખ કરીએ ૧૯૬૦-૬૧માં સેન્સસ તરફથી આ ગામની સામાજિક-આર્થિક તપાસ થઈ હતી તેથી ખાસ કિસ્સા તરીકે આ ગામ લીધું હતું. આદિવાસી જાતિમાં અહીં મુખ્યત્વે એક જ જાતિ વસાવા (ભીલ) અને બિનઆદિવાસીમાં રજપુત, માછી, બ્રાહમણ, ભરવાડ, હરિજન અને ભવૈયા જ્ઞાતિના કુટુંબો હતા. આ જે અભ્યાસ થયો હતો તેની વિગતો અને માહિતી ફાઈલ સ્વરૂપે રહયા હતા. ૧૯૭૯-૮૦માં કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે એવું સૂચન કર્યું કે ૧૯૬૯-૭૦માં આપણે જે ગામ અને કુટુંબોનો

અભ્યાસ કર્યો હતો તેના તેજ કુટુંબોનો ૧૯૭૯-૮૦ના વર્ષમાં અભ્યાસ કરવામાં આવે તો તેમાં વસતા કુટુંબોમાં કયાં, કેવું અને કઈ રીતનું પરિવર્તન આવ્યું છે તે જાણી શકાય. આ સૂચનને આધારે ૧૯૭૯-૮૦ના વર્ષમાં આગળ દર્શાવેલ જિલ્લાના પસંદ કરેલ ગામોમાં વસતા કુટુંબો કે જેનો અભ્યાસ ૧૯૬૯-૭૦માં થયો હતો તેનો અભ્યાસ કરી અહેવાલ સાયકલો સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યા હતા.

૧૯૮૯-૯૦ના વર્ષની વાર્ષિક બેઠક મળી તેમાં કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે જણાવ્યું કે આજથી ૨૦ વર્ષ પહેલાં જે ગામો પસંદ કરી અભ્યાસ કર્યો હતો અને તેની પુનઃ તપાસ ૧૯૭૯-૮૦માં કરી હતી. એ અભ્યાસો પરથી આદિવાસીઓની બદલાયેલ સ્થિતિ, પાયાની સુવિધામાં ફેરફાર વગેરે ઘણું બધું જાણવા મળ્યું હતું. હવે તો પ્રથમ અભ્યાસ અને અત્યારના સમય (૧૯૮૯માં ચાલે છે) વચ્ચે વીસ વર્ષનો સમય વિતી ગયો છે. આ ગાળા દરમિયાન આદિવાસીઓ માટે ''સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના'' આ યોજનાના જ એક ભાગરૂપે ''બિજરુપ અંદાજપત્ર'' અને એવી જ બીજી ઘણી યોજનાઓથી આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી તરફથી પ્રયાસો હાથ ધરાઈ રહયા છે તો આ બધાની અસર આદિવાસીઓના જીવન, સંસ્કૃતિ પર અને તેઓના આર્થિક વિકાસ પર કેવી થઈ છે અને તેઓમાં ક્યાં ક્યાં નોંધપાત્ર ફેરફાર થયા છે તે ફરી તપાસવું જોઈએ, આ સૂચનને બધાએ સહર્ષ સ્વીકાર્યું અને તેના ભાગરૂપે ''નાનાસાંજા'' (તા. ઝગડીયા) ગામમાં વસતા વસાવા (ભીલ) અને અન્ય જાતિઓના કુટુંબોનો અભ્યાસ કરી તેમાં છેલ્લા બે દાયકામાં કેવું પરિવર્તન આવ્યું છે તે બતાવવાનો પ્રયાસ આ અહેવાલમાં કર્યો છે.

<u>તપાસના ઉદ્દેશો</u> :-

સરકારશ્રી તરફથી આદિવાસીઓ માટે ઘણી યોજનાઓ ચાલે છે. આ ઉપરાંત છેલ્લા બે દાયકામાં શહેરીકરણ અને

ઔદ્યોગિકરણ, વાહન-વ્યવહાર અને સંદેશા-વ્યવહારમાં થયેલ વધારો, વ્યવસાયોમાં આધુનિકરણ, શિક્ષણમાં પ્રગતિ વગેરેને લઈને આદિવાસી-ઓની આર્થિક સ્થિતિમાં અને જીવનમાં કેવા પરિવર્તનો આવ્યા છે તેમજ ગામમાં પાયાની સુવિધા અને અન્ય સગવડોમાં ફેરફાર થયા છે કે કેમ વગેરે જાણવાનો મુખ્ય ઉદ્દેશ્ય આ અભ્યાસ પાછળ રહેલો છે.

<u>તપાસ પધ્ધતિ</u> :-

ગામની તપાસ સર્વે પધ્ધતિથી હાથ ધરવામાં આવી હતી. કુટુંબ તપાસમાં ૧૯૬૯-૭૦માં નાનાસાંજા ગામમાં કુલ ૧૪૯ કુટુંબો (૭૬ આદિવાસી વસાવાના અને ૭૩ બિન આદિવાસીઓના) હતા તેમાંથી નિયમિત અંકન પધ્ધતિ ધ્વારા ૫૦ ટકા આદિવાસી કુટુંબો એટલે ૩૮ કુટુંબો અને ૨૫ ટકા બિન આદિવાસી કુટુંબો એટલે કે ૧૯ કુટુંબો પસંદ થયા હતા. આજ કુટુંબોમો અભ્યાસ ૧૯૭૯-૮૦માં કરવામાં આવ્યો હતો. અહીં એક બાબતની સ્પષ્ટતા કરવાની કે આ અભ્યાસ-નો મુખ્ય ઉદ્દેશ જે તે કુટુંબોમાં આવેલ પરિવર્તન તપાસવાનો હતો તેથી ૧૯૬૯-૭૦માં જે કુટુંબો લીધા હતા તેમાંના કેટલાક કુટુંબોના વડાઓ ધંધાર્થે બહારગામ ગયા હતા તો કેટલાકના મૃત્યુ થવાથી ૧૯૭૯-૮૦માં ૩૮માંથી ૩૦ આદિવાસી કુટુંબોનો સંપર્ક સાધી શકાયો હતો.

જ્યારે આ અભ્યાસ (૧૯૮૯) દરમિયાન અગાઉના સર્વે મુજબ ૩૦ આદિવાસી કુટુંબોમાંથી ૧૨ કુટુંબના વડાના અને ૧૩ બિન આદિવાસી કુટુંબોના વડામાંથી ૬ કુટુંબના વડાના મૃત્યુ થવાથી આદિવાસીના ૧૮ અને બિન આદિવાસીના ૭ કુટુંબના વડાનો સંપર્ક સાધી શકાયો છે. છેલ્લા બે દાયકા દરમિયાનના અભ્યાસોમાં કેટલા કુટુંબો પસંદ થયા હતા તે નીચેના ચિત્રથી વધુ સ્પષ્ટ થશે.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની વિગત

| ક્રમ | વિગત | પસંદ થયેલ કુટુંબો ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | આદિવાસી | ૩૮ | ૩૦ | ૧૮ |
| ૨. | બિન આદિવાસી | ૧૯ | ૧૩ | ૭ |

ઉપરોક્ત ચિત્રથી એ જોવા મળે છે કે છેલ્લા બે દાયકામાં આદિવાસી કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબોના વડાના મૃત્યુ થયા છે અને ૨ કુટુંબના વડા ધંધાર્થે બહારગામ ગયા હતા. બિનઆદિવાસી કુટુંબોમાંથી ૬૪ ટકા કુટુંબોના વડાના મૃત્યુ થયા છે.

ઉપરોક્ત પસંદ પામેલ કુટુંબોની વિગત નીચેની સૂચિઓથી મેળવી હતી.

૧. **અનુસૂચિ :-**

કુટુંબના સભ્યોની સામાન્ય માહિતી, તેઓનું શિક્ષણ, જમીન, ઘર, ઘરવખરી, આવક, ખર્ચ, દેવું, તેઓનું આરોગ્ય અને સરકારશ્રી તરફથી મળેલ સહાય તેમના કુટુંબના વિકાસ અને ઉત્થાન માટે શેની જરૂરિયાત છે વગેરે મુખ્ય મુદ્દાને ધ્યાનમાં રાખી એક અનુસૂચિ બનાવી હતી જેનો નમૂનો પરિશિષ્ટ-૧માં છે. આ બધી જ વિગતો કુટુંબના વડાનો કે તેમના કોઈ સભ્યનો વ્યક્તિગત સંપર્ક કરી મેળવી હતી.

૨. **મુલાકાત :-**

પ્રશાસનમાં કામ કરનાર અધિકારી, ગામના અને સામાજિક આગેવાનો, સામાજિક કાર્યકર, સ્કૂલના શિક્ષકો વગેરેને મળી ગામમાં મળતી પ્રાથમિક સુવિધા, ગામની સુવિધા માટે સરકારશ્રી તરફથી કે સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા તરફથી મળેલ સહાય, ગામના

પ્રશ્નો, વિકાસ માટેના આગેવાનોના સૂચનો વગેરે માહિતી મુલાકાતથી લીધી હતી.

૩. <u>નિરીક્ષણ</u> :-

કુટુંબના સભ્યો શું કામ કરે છે, ક્યું કામ કોણ કરે છે, ખેતી કામ તેમના રિવાજો વગેરે જાણવા માટે સહભાગી અને અસહભાગી નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત નાનાસાંજા ગામની અને ત્યાંની વસતિની કેટલીક વિગતો જોવા માટે ગ્રંથાલયનો પણ ઉપયોગ કર્યો હતો.

આગળ દર્શાવ્યું છે તેમ નાનાસાંજા ગામમાં આદિવાસીઓ અને બિન આદિવાસી એમ બંનેનો વસવાટ છે અને અભ્યાસ માટે બંને-માંથી વિગતો મેળવી છે. આમ છતાં આ અહેવાલમાં વસાવા આદિ-વાસી જાતિને કેન્દ્રસ્થાને રાખી ચર્ચા કરી છે જ્યારે બિનઆદિવાસી કુટુંબોનો થોડો ઉલ્લેખ છે. આમ કરવાના બે મુખ્ય કારણો છે. (૧) આ અભ્યાસનો મૂળભૂત ઉદ્દેશ આદિવાસી કુટુંબોમાં પરિવર્તન જોવાનું છે અને (૨) ૧૯૭૯-૮૦ના અહેવાલમાં મુખ્યત્વે આદિવાસી કુટુંબોને ખ્યાલમાં રાખી ચર્ચા થઈ છે.

## : વિસ્તાર પરિચય :

<u>ભૌગોલિક પરિસ્થિતિ</u> :-

<u>ભરુચ જિલ્લો</u> :-

ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓમાં દક્ષિણ ગુજરાતમાં આવેલો ભરુચ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ રાજ્યમાં આઠમું સ્થાન ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યના અમુક જિલ્લાને પછાત ગણવામાં આવે છે, આમાં ભરુચનો પણ સમાવેશ થાય છે. જિલ્લો કુલ ૯૦૪૫ ચો.કિ.મી.માં વિસ્તારમાં પથરાયેલો છે. જિલ્લાની ઉત્તરે વડોદરા અને ખેડા જિલ્લો, દક્ષિણે સુરત જિલ્લો, પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્યનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમમાં ખંભાતનો અખાત આવેલો છે.

જિલ્લામાં ચાર મોટી નદીઓમાં નર્મદા, ઢાઢર, કીમ અને મહી છે અને બીજી કેટલીક નાની નદીઓમાં સુવા, ભૂકી, નહિયર, અમલ અને વાનખાડી છે.

જિલ્લો કુલ જુદા જુદા ૧૧ તાલુકાનો બનેલો છે જેમાંનો એક તાલુકો ઝગડીઆ છે.

<u>ઝગડીઆ તાલુકો</u> :-

ઝગડીઆ તાલુકાની ઉત્તરે વડોદરા જિલ્લો, દક્ષિણે વાલિયા તાલુકો- પશ્ચિમે ભરુચ અને અંકલેશ્વર તાલુકો છે જ્યારે પૂર્વમાં નાંદોદ અને દેડિયાપાડા તાલુકા આવેલા છે. તાલુકાનો વિસ્તાર ૮૧૨.૫ કિ.મી. છે. તેની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૪૮ કિ.મી. અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ ૩૨ કિ.મી.ની છે. જમીન મોટાભાગની કાળી છે. ઉપરાંત ગોરાડુ અને પથ્થરીઆળ જમીન પણ છે. તાલુકામાં ઉત્તરે નર્મદા ઉપરાંત અમરાવતી, કાવેરી અને માદમતી નદીઓ છે. તાલુકામાં સિંચાઈ માટે કરજણ યોજનાનો લાભ મળે છે. તાલુકામાં મુખ્યત્વે પાક કપાસ ઉપરાંત જુવાર, ડાંગર, મગફળી, મકાઈ, તમાકુ અને કઠોળ છે. અને હવે કેળાની ખેતીનું પ્રમાણ પણ વધ્યું છે. પૂર્વભાગમાં સારસા અને બાવાગોરના ડુંગરો છે, આમાંથી અકીક નામના કિંમતી પથ્થરો નીકળે છે. તાલુકામાં બસ અને રેલવે વ્યવહાર પણ છે. ખાસ જોવાલાયક સ્થળોમાં ગુમાનદેવમાં હનુમાનજીનું મંદિર છે. ત્યાં શનિવારે મેળો ભરાય છે. એજ રીતે રતનપુર ગામમાં બાવાગોરનો મેળો ભરાય છે.

તાલુકામાં મોટાભાગની વસતિ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છે અને ખેતીનો સીધો સંબંધ વરસાદ અને આબોહવા સાથે રહેલો છે. વરસાદની ઋતુ જૂનથી ઓકટોબર છે, પરંતુ પ્રતિવર્ષ વરસાદના દિવસો એકસરખા નથી. તાલુકામાં વરસાદનું પ્રમાણ એકંદર સારું છે. નીચે ૧૯૭૩ થી ૧૯૮૬ સુધીનો વરસાદ ઈંચમાં આપ્યો છે. અને વરસાદના દિવસો પણ આપ્યા છે. અગાઉના અહેવાલમાં ૧૯૫૨થી તાલુકામાં કેટલો વરસાદ પડયો છે તેની વિગતો આપી છે.

તાલુકામાં એકંદર ૩૫ ઈંચ વરસાદ પડે છે. આ આંકડાઓ પરથી વરસાદની અનિયમિતતાનો પણ ખ્યાલ આવશે.

| વર્ષ | વાર્ષિક વરસાદ | વરસાદના દિવસો |
|---|---|---|
| ૧૯૭૩ | ૪૬.૮૪ | વિગતો નથી મળી |
| ૧૯૭૪ | ૧૪.૬૮ | ૭૨ |
| ૧૯૭૫ | ૪૩.૬૮ | ૭૬ |
| ૧૯૭૬ | ૭૮.૯૬ | ૬૦ |
| ૧૯૭૭ | ૩૮.૪૮ | ૫૧ |
| ૧૯૭૮ | ૩૯.૦૮ | ૨૮ |
| ૧૯૭૯ | ૪૨.૩૬ | ૫૮ |
| ૧૯૮૦ | ૩૩.૪૮ | ૪૬ |
| ૧૯૮૧ | ૫૭.૮૪ | ૫૩ |
| ૧૯૮૨ | ૨૩.૬૮ | ૪૬ |
| ૧૯૮૩ | ૬૫.૬૮ | ૭૭ |
| ૧૯૮૪ | ૨૬.૯૬ | ૪૨ |
| ૧૯૮૫ | ૨૭.૨૪ | ૨૯ |
| ૧૯૮૬ | ૧૩.૪૦ | ૩૩ |
| ૧૯૮૭ | ૧૧.૬૦ | ૨૬ |
| ૧૯૮૮ | ૩૪.૯૨ | ૫૬ |
| ૧૯૮૯ | ૫.૦૪ | ૭ ( વિગતો ૨૦ જૂન ૧૯૮૯ સુધીની) |

<u>નાનાસાંજા</u> :-

ઝગડીઆ તાલુકાના કુલ ૧૬૫ ગામો છે. તેમાંનું એક ગામ નાનાસાંજા છે. નાનાસાંજા ગામ ઝગડીઆથી ૧૦ કિ.મી. દૂર અને ભરુચથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલું છે. આ ગામ ઝગડીઆ ભરુચના રોડ પર આવેલું છે. જે બસ-વ્યવહારથી સંકળાયેલ છે. દિવસ દરમિયાન ૩૫ થી ૪૦ વખત બસોની આવ-જા થાય છે. નજીકનું રેલવે સ્ટેશન ગુમાનદેવ છે.

ગામની ઉત્તરે ઝેડીઆ, દક્ષિણે કપલસાડી, પૂર્વમાં ગુમાનદેવ અને પશ્ચિમમાં ગોવાલી ગામ આવેલા છે. આજુબાજુના બધાં જ ગામો નાનાસાંજાથી મોટા છે. અને ત્યાં બિનઆદિવાસી લોકો વધુ છે. ગામની ઉત્તરે નર્મદા નદી પસાર થાય છે જે ગામથી એકાદ માઈલના અંતરે છે. જ્યારે ગામની પૂર્વમાં કાવેરીની ખાડી છે. જે ગામથી તદ્દન નજીક છે. ગામનો કુલ વિસ્તાર ૩૭૭.૪૫ હેક્ટર છે. વસતિ ૧૦૬૭ની છે અને આશરે ૨૦૧ રહેઠાણના ઘરો છે. ગામમાં પ્રાથમિક શાળા છે જેમાં ધોરણ ૧ થી ૭ સુધી અભ્યાસ થાયછે.

ગામની રચના :-

ગામ વચ્ચે થઈને એક મુખ્ય માર્ગ પસાર થાય છે અને આ માર્ગની બંને બાજુએ વસવાટના મકાનો આવેલા છે. ગામમાં પ્રવેશતાં સૌ પ્રથમ પંચાયતે બાંધેલ બેઠકવાળો ચોતરો આવે છે. જમણીબાજુ માછી અને રજપુતોના ઘરો આવે છે. જે વિસ્તાર વડફળિયા તરીકે ઓળખાય છે. જ્યારે ડાબી બાજુ આગળ વધતા વસાવા કુટુંબોના ઘરો આવે છે. આ બાજુ કોઈ કોઈ હરિજન અને ભરવાડના ઘરો પણ છે. જ્યારે ગુમાનદેવના રસ્તા પરથી આવતા પ્રથમ વસાવા કુટુંબોના ઘર આવે છે.

ગામમાં વસાવા જાતિના મુખ્યત્વે ત્રણ ફળિયા છે. આ ફળિયાના નામ અનુક્રમે મીઠા ભગતનું ફળિયું, જગલા ફળિયું અને પારસી ફળિયું છે. આ ઉપરાંત ગામમાં રજપુત ફળિયું, માછી ફળિયું, નિશાળ ફળિયું અને નવી વસાહત પણ છે.

ગામમાં જુદી જુદી કોમના લોકો વસવાટ કરે છે. તેમાં વસાવા, રજપુત અને માછીની વસતિ છે. જ્ઞાતિવાર કુટુંબો નીચે પ્રમાણે છે.

નાનાસાંજા – ૧૯૮૯

<u>જ્ઞાતિવાર કુટુંબો</u>

| ક્રમ | જ્ઞાતિ | કુટુંબ સંખ્યા | વસતિ | કુટુંબનું કદ |
|---|---|---|---|---|
| ૧. | બ્રાહ્મણ | ૩ | ૧૮ | ૬.૦૦ |
| ૨. | માછી | ૨૪ | ૧૫૦ | ૬.૨૫ |
| ૩. | રજપુત | ૪૪ | ૨૬૯ | ૬.૧૧ |
| ૪. | ભરવાડ | ૧૮ | ૯૨ | ૫.૧૧ |
| ૫. | વાળંદ | ૨ | ૬ | ૩.૦૦ |
| ૬. | કોળી | ૨ | ૧૦ | ૫.૦૦ |
| ૭. | હરિજન | ૯ | ૩૮ | ૪.૨૨ |
| ૮. | વસાવા | ૧૪૨ | ૭૨૨ | ૫.૦૮ |
| ૯. | પારસી | ૧ | ૫ | ૫.૦૦ |
| | કુલ | ૨૪૫ | ૧૩૧૦ | ૫.૩૫ |

ઉપરના કોઠા પરથી જણાશે કે ગામમાં સૌથી વધુ વસતિ વસાવાની છે. જ્યારે રાજપુત કોમની વસતિ બીજા ક્રમે છે અને ત્રીજા ક્રમે માછી છે. ૧૯૬૯માં ૧૪૯ કુટુંબો અને ૮૬૫ની વસતિ હતી. આ ૯૬ કુટુંબો અને ૪૪૫ની વસતિ છે. ગામમાં ૧૯૬૯માં બ્રાહ્મણ, રાજપુત, માછી, ભરવાડ, હરિજન, વસાવા, અને અન્ય કુટુંબો હતા, તેને બદલે ૧૯૮૯માં આગળ દર્શાવ્યા મુજબની વિવિધ જ્ઞાતિ અને જાતિના કુટુંબો જોવા મળે છે.

રાજ્યમાં, ભરુચ જિલ્લામાં, ઝગડીઆ તાલુકામાં અને નાના-સાંજા ગામની કેટલીક વિગતો નીચે આપી જેનાથી થોડી તુલનાત્મક સ્થિતિનો ખ્યાલ આવી શકે.

(૧) વસતિની માહિતી :-

ગુજરાત, ભરુચ, ઝગડીયા અને નાનાસાંજા ગામ

| ક્રમ | વિગત | રાજ્યમાં | ભરુચ જિલ્લામાં | ઝગડીયા તાલુકામાં | નાનાસાંજા |
|---|---|---|---|---|---|
| ૧. | કુલ | ૩,૪૦,૮૫,૭૯૯ | ૧૨,૯૬,૪૫૧ | ૧,૨૮,૧૩૪ | ૧૦૬૭ |
| ૨. | પુ. | ૧,૭૫,૫૨,૬૪૦ | ૬,૬૭,૨૪૧ | ૬૫,૮૪૫ | ૫૭૬ |
| ૩. | સ્ત્રી | ૧,૬૫,૩૩,૧૫૯ | ૬,૨૯,૨૧૦ | ૬૨,૨૮૯ | ૪૯૧ |

(૨) વસતિ વધારો :-

| ક્રમ | રાજ્યમાં | જિલ્લામાં | તાલુકામાં | નાનાસાંજા ગામમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨૭.૬૭ | ૧૬.૮૪ | ૬.૭૮ | ૧૪.૮૦ |

(૩) વિસ્તાર (ચો.કિ.મી.માં)

| ક્રમ | વિગત | વિસ્તાર (ચો.કિ.મી.માં) |
|---|---|---|
| ૧. | રાજ્યમાં | ૧૯૬૦૨૪.૦૦ |
| ૨. | ભરુચ | ૯૦૩૮.૦૦ |
| ૩. | ઝગડીયા | ૮૧૨.૫૦ |
| ૪. | નાનાસાંજા | ૪.૪૬ |

(૪) સેક્સ રેશિયો (દર હજાર પુરુષો સ્ત્રીઓની સંખ્યા)

| ક્રમ | વિગત | દર હજાર પુરુષો સ્ત્રીઓ |
|---|---|---|
| ૧. | રાજ્યમાં | ૯૪૨ |
| ૨. | ભરુચ | ૯૪૩ |
| ૩. | ઝગડીયા | ૯૪૬ |
| ૪. | નાનાસાંજા | ૮૫૨ |

(૫) શિક્ષણ (ટકામાં)

| ક્રમ | વિગત | કુલ | શિક્ષણ પુરુષો | શિક્ષણ સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧. | રાજ્યમાં | ૪૩.૭૦ | ૫૪.૪૪ | ૩૨.૩૦ |
| ૨. | ભરુચ | ૪૪.૬૬ | ૫૫.૫૧ | ૩૩.૧૭ |
| ૩. | ઝગડીયા | ૩૮.૦૮ | ૪૮.૬૭ | ૨૯.૮૯ |
| ૪. | નાનાસાંજા | ૪૬.૭૭ | ૫૮.૪૬ | ૩૩.૪૦ |

(૬) અનુસૂચિત જનજાતિની વસતિ (ટકામાં)

| ક્રમ | વિગત | કુલ | અનુ. જનજાતિની વસતિ પુરુષો | અનુ. જનજાતિની વસતિ સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧. | રાજ્ય | ૧૪.૨૨ | ૧૩.૯૮ | ૧૪.૪૯ |
| ૨. | ભરુચ | ૪૪.૫૪ | ૪૪.૦૮ | ૪૫.૦૨ |
| ૩. | ઝગડીયા | ૬૪.૨૫ | ૬૩.૮૩ | ૬૪.૭૦ |

## (૭) કામ કરનાર અને કામ નહીં કરનારની માહિતી- ૧૯૮૧ પ્રમાણે (ટકામાં)

| ક્રમ | વિગત | કામ કરનાર | | | | | | કામ નહીં કરનાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મુખ્ય કામ કરનાર | | | સિમાંત કામ કરનાર | | | | | |
| | | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી |
| ૧. | રાજ્ય | ૩૨.૨૩ | ૫૨.૧૯ | ૧૧.૦૩ | ૫.૦૪ | ૦.૭૨ | ૯.૬૩ | ૬૨.૭૩ | ૪૭.૦૯ | ૭૯.૩૪ |
| ૨. | ભરુચ | ૩૭.૨૫ | ૫૪.૮૯ | ૧૮.૫૩ | ૪.૮૭ | ૦.૭૯ | ૯.૨૦ | ૫૭.૮૮ | ૪૪.૩૨ | ૭૨.૨૭ |
| ૩. | ઝગડીયા | ૪૦.૯૬ | ૫૭.૮૩ | ૨૩.૧૪ | ૫.૬૧ | ૦.૮૭ | ૧૦.૬૧ | ૫૩.૪૩ | ૪૧.૩૦ | ૬૬.૨૫ |
| ૪. | નાનાસાંજા | ૩૨.૫૨ | ૫૬.૦૮ | ૪.૮૯ | ૧૨.૫૬ | ૦.૩૫ | ૨૬.૮૮ | ૫૪.૯૨ | ૪૩.૫૭ | ૬૮.૨૯ |

# પ્રકરણ - ૨

## ભૌતિક સંસ્કૃતિ

**ઘરની રચના :-**

ગામમાં ઘરો લગોલગ છે. બીજે જેમ જોવા મળે છે તેમ ઘરો છૂટાછવાયા કે ઘર વચ્ચે અંતર જોવા મળે છે તે નથી. બિનઆદિવાસીનાં ઘર ગામમાં બે સામસામી હારમાં છે. હારની વચ્ચે અંતર વિશેષ હોઈ રસ્તો પહોળો છે. વચ્ચે લીમડાના ઝાડ છે. ફળિયામાં બે જાહેર કૂવા આવેલા છે. દરેક કુટુંબ ઢોર ઘરની આગળ બાંધે છે. બિન આદિવાસીઓમાં ચાર પાંચ ઘર સિવાય બધાં ઘરો એક માળના છે. ગામમાં પાંચ પાકા મકાનો સિવાય દરેકને દિવાલ માટીની છે. જેના ઉપર લીંપણ કરેલ છે. ઉપર વાંસની વળીઓ અને વિલાયતી નળિયા મૂકેલ હોય છે. બિન આદિવાસીઓના ઘરો પ્રમાણમાં મોટા હોય છે. જેમાં પ્રથમ ઓસરી, બે કે ત્રણ ઓરડા તે પણ મોટા હોય છે. દરેક ઘરની પાછળ લાંબા મોટા વાડામાં લીંપણ કરી ઓરડી બનાવી કે પતરા નાંખીને રસોડું બનાવી રાંધે છે. ઘરના ભોંયતળિયે લીંપણ હોય છે. બ્રાહ્મણ અને રજપુતના બે ત્રણ ઘરોમાં સીમેન્ટની કે પથ્થરની લાદી ભોંયતળિયે જોવા મળે છે. ગામમાં વસાવાઓના ફળિયા ગામની બિનઆદિવાસીની વસતિની બહાર છે. હરિજનના ઘર વસાવા ફળિયાની પાછળ છે. એક બાજુ ભરવાડનાં ઘર છે. તેની પાછળ પારસીનું ઘર છે. વસાવાના ફળિયામાં ઘરો એકબીજાની દિવાલને અડીને સામસામી હારમાં છે. તેઓની દિવાલો માટીની અને છાજ નળિયાંનું, નળિયા દેશી અને વિલાયતી છે. કેટલાક ઘરો ઉપર ઘાસનું છાજ જોવા મળે છે. એક ખંડના ઘરો વધુ છે. તપાસમાં આદિવાસીઓના ઘરો બે ખંડના ૮ અને એક ખંડના ૧૦ ઘરો જણાયા હતા. બધા જ ઘરો કાચા હતા. ઘર પાછળ નાનો વાડો હોય છે. પાછળ બારણું હોતું નથી. દરેકને ત્યાં વાડા નથી. થોડા કુટુંબોને જ દિવાલોએ અને ભોંયતળિયે લીંપણ છાણ માટીનું કરેલું હતું. કેટલાક

ઘરો આગળ માટીની ઓટલી કે ઓટલા બનાવેલ છે. તેઓને ત્યાં ઢોર હોય તો આગળ જ બાંધે છે. ઘરો તેઓ પોતે એકબીજાની મદદથી કે સગાની મદદથી બાંધે છે. છાપરા વધારે ઢાળવાળા હોયછે.

એક ઓરડામાં એક ખૂણે ચૂલો રાખે છે. તે સિવાય માટીની કોઠીઓ, ઘંટી મૂકી રાખે છે. તે સિવાય ઘરવપરાશનો સામાન ઓરડામાં મૂકી રાખે છે. ખાટલા હોય તે ઘરની બહાર મૂકી રાખે છે. ઘરવખરીમાં પાંચ દસ એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલના વાસણો હોય છે. તે સિવાય માટીના કલાડા, માટલા વગેરે હોય છે. ઘરને બારણા છે. બારી જોવા મળતી નથી.

ઘર બાંધવા લાકડાં મોંઘાં હોવાથી ઘર નાનું એક ઓરડાનું ઓછા ખર્ચે બનાવી નળિયા કે ઘાસ ઢાંકીને બનાવી દે છે. આજે કેટલાક કુટુંબોને ઈન્દિરા આવાસ યોજના હેઠળ પણ નાના ઘરો મળ્યા છે, તેમાં ચાર પાંચ કુટુંબો વસે છે. બાકીના મકાનો પડી ગયેલી હાલતમાં હોઈ કોઈ રહેતું નથી.

<u>મકાન</u> :-

મિલકતમાં મકાન પણ મહત્વનું મિલકતનું સાધન છે. જેમની પાસે જમીન છે. તેઓના મકાન કંઈ અંશે સારી હાલતવાળા છે. જો કે કાચા મકાનો જ આ વસાવા લોકો પાસે છે. પરંતુ જમીન વિહોણા કુટુંબો પાસે માટી-કરાંઠી કે ઘાસની દિવાલોવાળા ઉપર વિલાયતી નળિયાવાળા મકાનો છે જે ૮૦૦ રૂપિયાથી ૨૦૦૦ હજારની કિંમત-વાળા જુદી જુદી બાંધણી કે છાજ કે ભીંતવાળા છે.

આજે વસાવાઓને જે મકાન મળ્યા છે તે કંઈક સારી હાલતવાળા છે એવું નથી પરંતુ ઈંટમાટી અને નળિયાવાળા ખૂબ જ ખરાબ બાંધણી-વાળા છે. ગામમાં રજપૂત, બ્રાહ્મણના મકાનો સારી હાલતવાળા બે, ચાર પાકા અને બહુ વિશાળ જગ્યાની છૂટવાળા છે.

<u>ઘરવખરી</u> :-

વસાવા લોકો પાસે ઘરવખરીના સાધનો ખૂબ જ ઓછા જોવા મળે છે. વાસણો માટી, સ્ટીલ, એલ્યુમિનિયમ, પિત્તળના બધા મળીને ૭ થી ૧૫ સુધીના જોવા મળે. ખાટલા, ચીમની, ઘંટી જેવા સાધનો હોય છે. એ સિવાય ખૂબ જૂજ ઘરોમાં ટેબલ, ખુરશી હોય છે. બે ચાર ઘરે રેડીયો કે ઘડિયાળ જોવા મળે.

વસાવા સિવાયની રજપૂત, બ્રાહ્મણ, માછી વગેરે જાતિઓમાં આ ઘરવખરીના સાધનો સારી સંખ્યામાં જરૂર પૂરતા જોવા મળે છે. જે જમીનવાળા અને જમીન વિહોણા કુટુંબોની ઘરવખરીની કિંમત પરથી ખ્યાલ આવશે કે જમીન વિહોણા મોટાભાગના વસાવા કુટુંબો છે જેમની ઘરવખરીની કિંમત ખૂબ જ ઓછી છે.

<u>પશુધન</u> :-

ગામમાં બધા જ કુટુંબો પાસે પશુધન લગભગ છે. જમીનવાળા કે જમીન વિહોણા કુટુંબો ગાય, બળદ, ભેંસ રાખે છે. ગાય-ભેંસ દૂધ આપે ત્યારે તેમને આવક આપે છે. જ્યારે બળદથી તેઓ ભાડે કરીને તેઓ આવક પ્રાપ્ત કરે છે. બીજાના ખેતરમાં ખેડીને તેઓ કમાય છે. તેમ છતાં જમીન નથી તેઓ પાસે, પશુઓ ઓછા છે જેનું કારણ ઘાસચારાની તંગી અને બાંધવાની, સાચવવાની વગેરે કેટલાકને અગવડ છે. ગામમાં બેજ ખેડૂતો પાસે ટ્રેક્ટર છે. જેઓ ખેતીમાં તેનો બરાબર ઉપયોગ કરે છે. અને પૈસા લઈને બીજાને પણ ઉપયોગી બને છે.

ગામમાં ૧૦૦૦ થી ૪૦૦૦ હજારની પશુ મિલકતવાળા કુટુંબો છે. તે ઉપરાંત રજપૂત અને ભરવાડના કુટુંબો તેનાથી વધારે મિલકતનું પશુધન રાખે છે. આજે દૂધ આપતા પશુઓની ભારે કિંમત છે. કારણ કે દૂધની આવક ખૂબ જ હોય છે.

<u>ખેતીનાં સાધનો</u> :-

ખેતીના સાધનોમાં હળ, કરબ, વાવણિયો, નાની કરબડીયો, નાના ઓજારો (દાતરડુ, કુહાડી, ખુરપી, પાવડો, કોદારો), ગાડુ વગેરે રાખે છે. પરંતુ આજે બધા જ ખેડૂતો આ સાધનો રાખતા નથી. ~~કેટલાક~~ ગાડું બહુ જ થોડા ખેડૂતો પાસે છે. એકબીજાનું લઈને કામ કરી લે છે. છેલ્લા પાંચ સાત વર્ષમાં સિંચાઈનું પ્રમાણ વધ્યું છે. તે કુવાઓ ધ્વારા તેઓ કરે છે. તેઓ ઓઈલ-એન્જિન, ઈલેક્ટ્રીક મોટર કૂવે બેસાડીને સિંચાઈ કરે છે. જોકે બીજાને પાણી આપે છે જેનો સારો ભાવ તેઓ લે છે. કલાકના ૧૫ રૂપિયા આજે ભાવ છે.

<u>ઘરેણાં</u> :-

સોના-ચાંદીના ઘરેણાં અને અન્ય અસ્કયામતો રજપૂતો, બ્રાહ્મણ કુટુંબો પાસે સારા પ્રમાણમાં છે. પરંતુ વસાવા કુટુંબો પાસે ચાંદીની મિલકત સારા પ્રમાણમાં છે. બીજી સોના કે અન્ય - અસ્કયામતો ભાગ્યે જ જોવા મળે છે.

<u>ખોરાક-પીણાં</u> :-

ખોરાકમાં જુવારનો રોટલો, ભટકુ મુખ્ય છે. એ સિવાય બંટી, તુવેર, ચણા, ચોખા, ઘઉં વગેરેનો ઉપયોગ કરે છે. માંસાહારમાં માછલી-મરઘી લે છે. શિકારમાં ~~સસુ~~ સસલુ મળે તે પણ ખાય છે. ગામમાં રજપૂત, માછી, હરિજન પણ ખાવામાં માંસનો ઉપયોગ કરે છે.

વસાવાના દરેક ઘરમાં બીડીનું વ્યસન છે. પુરુષ કે સ્ત્રી બધા જ બીડી પીવે છે. મોટાભાગના બીડીવાળીને પીવે છે. એટલે આસીગાના પાન અને તમાકુ ખિસ્સામાં રાખે છે. જરૂર પડે બીડી-વાળી પી લે છે. બિન આદિવાસીઓ પણ બીડી પીવે છે તે પણ બનાવીને પીવે છે. કેટલાક ચુંગી પીતા પણ જોવા મળે છે.

વસાવાઓમાં દારુ બધા જ પીવે છે. માત્ર ભગત હોય તે દારુ કે માંસનો ઉપયોગ કરતા નથી. દારુ તેઓ પીવે છે અને બનાવે પણ છે. ગામમાં દારુ કેટલાક માછી, રજપૂત, વણકર પણ પીવે છે. જોકે શરૂમાં જે દારુ પીવાતો હશે તે આજે ઓછો પીવાય છે કે છૂપી રીતે પીવાય છે.

<u>પહેરવેશ અને ઘરેણાં</u> :-

સામાન્ય રીતે પુરુષો ધોતિયું અને પહેરણ કે ખમીશ પહેરે છે. માથે ફાળિયું કે ટોપી મૂકે છે. તેઓ ઉઘાડા પગે ફરે છે. બહાર જાય ત્યારે ચંપલ કે સ્લીપર પહેરે છે. સ્ત્રીઓ સાડલો, ચણીયો, કબજો પહેરે છે. આજે કછોટો મારેલી સ્ત્રીઓ ભાગ્યે જોવા મળે છે. તેઓ બિનઆદિવાસીઓનો પહેરવેશ પહેરે છે.

ઘરેણાં પુરુષ વર્ગ પાસે ભાગ્યે જોવા મળે છે. સ્ત્રીઓ કાચની બંગડીઓ, કાનમાં કાપ, ગળામાં હાંસડી, સાંકડી પહેરે છે. કેડે કંદોરો, નાકમાં વાળી પહેરે છે. ઘરેણાં પહેલાં નિકલ-કલાઈનાં પહેરતા હતા. આજે ચાંદી, કથીર અને સોનાના હોય છે. જોકે દાગીના આજે મૂળ ઓછા પહેરાય છે. અથવા તો એમ કહેવાય કે તેઓ પાસે ઘરેણાં ઓછાં રહયાં છે.

<u>મિલકત</u> :-

તપાસેલ કુટુંબોમાં જમીનવાળા અને જમીન વિહોણા કુટુંબો-માંથી જમીન, ઘર, પશુઓ, ખેતીના સાધનો, ઘરવખરી જમીનના કદ પ્રમાણે કેટલી કિંમતની હતી તે કોઠામાં ૨:૧માં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળી છે.

આ બધી કુટુંબોની મિલકતોમાં જમીન એ સૌથી અગત્યની મિલકત ગણી શકાય. કારણ કે ગામની લગભગ બધી જ વસતિ તેના

ઉપર એક યા બીજી રીતે જીવનનિર્વાહ કરે છે. ગામની જમીન ખૂબ જ ફળદ્રુપ ભાઠાની છે. જેમાં ઉત્પાદન ખૂબ જ સારું થાય છે. એટલે જમીનમાં જેમ જેમ સિંચાઈ વધતી જાય છે તેમ તેમ ઉત્પાદન બમણું થતું જાય છે. તેમ તેમ જમીનની કિંમત વધતી જાય છે. એકરદીઠ જમીનની કિંમત ~~xxxxx xxxxxx~~ ૧૦ થી ૧૫ હજાર રૂપિયાની જેટલી આજે છે. જોકે નદી કિનારાની ભાઠાની સિંચાઈવાળી જમીનના આ ભાવ છે. ગામમાં પાંચ હજારથી ૨૫ હજાર અને ૪૦ હજારની કિંમતની જમીન મિલકતવાળા ખેડૂતો વધારે જોવા મળે છે. જેમની પાસે જમીન છે એવા વસાવા કુટુંબોની આર્થિક સ્થિતિ સારી છે. જે વસાવા કુટુંબો જમીન વિહોણા છે તેમને મજૂરી ઉપર નભવું પડે છે. જ્યારથી કેળની ખેતી સિંચાઈથી વધી છે ત્યારથી જમીનની કિંમત ખૂબ જ વધી છે. જમીન છે તેને ધિરાણ વગેરે સરળતાથી મળે છે એટલે જ જમીન એ સૌથી મહત્વનું મિલકતનું સાધન છે.

કોઠા નં.- ૨ : ૧

નાનાસાંજા :

સર્વેક્ષિત કુટુંબોની મિલકત (કિંમત રૂપિયામાં)

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | કુલ જમીન એકરમાં | જમીન | ઝાડ | પશુઓ | ખેતીના સાધન | કુવો ✻ | ઘરવખરીનાં સાધનો | અન્ય | ઘરેણાં | મકાન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૩ | ૫.૦૫ | ૨૯૦૦૦ | ૨૦૦ | ૪૫૨૫ | ૧૭૫ | - | ૧૭૨૦ | ૧૦૬૨ | ૧૬૫૦ | ૭૮૦૦ |
| ૨.૫ થી ૫ | ૯ | ૨૯.૫૯ | ૨૨૩૦૦૦ | ૧૦૫૦ | ૧૮૧૫૦ | ૧૦૬૩૫ | ૧૫૦૦૦ | ૧૧૪૫૫ | ૩૬૮૦૫ | ૬૬૦૦ | ૩૨૮૦૦ |
| ૫ થી ૭.૫ | ૧ | ૫.૦૨ | ૪૦૦૦૦ | - | ૧૦૦૦૦ | ૨૫૦ | - | ૬૨૫ | ૬૫૫ | ૭૦૦ | ૩૦૦૦ |
| ૭.૫ થી ૧૦ | ૧ | ૯.૧૨ | ૨૭૦૦૦ | ૭૫૦ | ૫૦૦૦ | ૩૧૮૦ | - | ૪૬૦ | ૪૫૦ | ૭૦૦ | ૨૫૦૦ |
| જમીન વગરના | ૧૧ | - | - | - | ૭૭૮૦ | ૧૧૦ | - | ૨૭૩૨ | ૨૯૦૫ | ૨૮૦૦ | ૧૦૧૫૦ |
| કુલ | ૨૫ | ૪૯.૩૮ | ~~૬૬૦૦૦~~ 3,29,000 | ૨૦૦૦ | ૪૫૩૫૫ | ~~૧૨૪૮૮~~ 23340 | ૧૫૦૦૦ | ૧૬૯૯૨ | ૪૧૮૭૭ | ~~૧૨૫૫૦~~ 24540 | ૫૬૨૫૦ |

૩.૫૨ સરેરાશ જમીન

બિન આદિવાસીઓમાં ''વસાવાનું સ્થાન :-

ગામમાં બિન આદિવાસી અને આદિવાસી કુટુંબોનું પ્રમાણ સરખું જોવા મળે છે. બિન આદિવાસી કુટુંબો જમીનવાળા અને આર્થિક રીતે સારી સ્થિતિ ધરાવે છે. જ્યારે વસાવાઓની આર્થિક પરિસ્થિતિ ઓછી જમીન કે જમીન નહીં હોવાને કારણે સારી નથી. તેમનો મુખ્ય વ્યવસાય મજૂરીનો હોવાથી ગામના જમીન ધરાવનાર ખેડૂતો ઉપર મુખ્યત્વે આધાર રાખવો પડે છે. વસાવા ખેતમજૂરો બિન આદિવાસીઓને ત્યાં મજૂરી અને ખાવાપીવાનું તેમજ વારેતહેવારે મદદ મેળવે છે. એટલે આર્થિક રીતે પછાત તરીકેનો બિનઆદિવાસીઓ તેમની સાથે વ્યવહાર કરે છે. તેમને ભીલ તરીકે ઓળખે છે અને કહે છે. સાથે સાથે સામાજિક રીતે પણ તેમના રીતરિવાજો અને વિધિઓ હિંદુઓની જેમ ન હોવાથી પછાત માને છે. વસાવાનું અડકેલું ખાતા નથી. તેમને ત્યાં પાણી પીતા નથી. પ્રસંગોપાત તેમને ખાવાપીવા આમંત્રે છે પરંતુ તેમને ત્યાં જતા નથી.

વસાવા પુરુષો ખેતમજૂરી માટે તેમને ત્યાં કામ કરે છે જ્યારે સ્ત્રીઓ વાસીદુ, પાણી, કપડાં અને ઘરના બીજા નાના મોટા કામો કરે છે. તેના બદલામાં પુરુષોને છૂટક હોય તો રોજ પ્રમાણે ૭ રૂપિયા અને સ્ત્રીને મહિનાના ૨૦ કે ૨૫ રૂપિયા અને ખાવાનું આપે છે. બારમાસ માટે પુરુષ ખેતીકામ માટે ચાકર તરીકે બંધાય તો ૨૦૦૦ હજાર રૂપિયા, વારેતહેવારે અને કેટલાક રોજ ખાવાપીવાનું અને એકાદ જોડ કપડાં અને બુટ, ચંપલ આપે છે. વસાવા લોકો હરિજનને નીચા માને છે. તેમનું ખાતા પીતા નથી.

# પ્રકરણ - ૩

## સામાજિક જીવન

**કુટુંબ વ્યવસ્થા :-**

વસાવાઓમાં પિતૃવંશીય, પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. સ્ત્રી પરણીને તેના પતિને ઘરે જાય છે. કુટુંબની સત્તાઓ વડીલ પુરુષ હસ્તક હોય, કુટુંબની કમાણી અને ખર્ચ કરવાના નિર્ણયમાં તેની સંમતિ જરૂરી હોય છે. ઘરનો વારસો પુત્રોને મળે છે.

નાનાસાંજા ગામની તપાસ માટે લીધેલા ૨૫ કુટુંબોમાંથી એક કુટુંબ બ્રાહ્મણ, ૨ રજપૂત, એક ભરવાડ, એક વણકર, એક માછી અને એક કુટુંબ ભવાયાનું હતું. તે સિવાયના ૧૮ કુટુંબો વસાવા(ભીલ) જાતિના હતા. જેની કુલ વસતિ ૯૩ની છે. આ ૧૮ કુટુંબોને સભ્ય સંખ્યા પ્રમાણે મૂકીએ તો નીચે પ્રમાણે જોવા મળે છે.

કોઠા નં. - ૩ : ૧

સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબ સંખ્યા

| સભ્ય સંખ્યા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૧ | ૧ | ૫ | ૫ | ૪ | - | ૧ | - | - | ૧ | ૧૮ |

વસાવા જાતિમાં કોઈ જાતના ઉંચનીચના ભેદભાવ નથી પરંતુ ગામની બીજી જાતિઓ સાથેનું સ્તરીકરણ જોવા મળે છે. જેમકે બ્રાહ્મણ, રાજપૂત, પારસી, માછી, ભરવાડ, વસાવા અને છેલ્લે હરિજન આવે છે. આ જાતિઓમાં ઉપલી જાતિઓ સાથે રોટી વ્યવહાર કરતી નથી. કોઈ એકબીજાને અસ્પૃશ્ય ગણતા નથી પણ સામાજિક દરજ્જા પ્રમાણે પોતાને ચડતા ઉતરતા ક્રમમાં ગણે છે.

ગામમાં સંયુકત કુટુંબ કરતાં વિભકત કુટુંબની સંખ્યા વધારે પ્રમાણમાં છે. કુટુંબના વસવાટ પ્રમાણે મૂકીએ તો નીચે પ્રમાણે જોવા મળે.

૧. પતિ-પત્ની, અપરણિત બાળકો.
૨. પતિ-પત્ની, પુત્ર, પુત્રવધુ, પુત્રી
૩. પતિ-પત્ની, પુત્રો, પુત્રવધુ, પુત્રી, પૌત્ર, પૌત્રીઓ
૪. પતિ-પત્ની, પુત્રીઓ, જમાઈ, પુત્ર, પૌત્ર.
૫. પતિ-પત્ની, પુત્રી, જમાઈ
૬. વિધૂર, પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રીઓ
૭. વિધવા, પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રીઓ.
૮. પત્ની-પતી.

<u>રીતરિવાજો</u> :-

<u>રજસ્વલા સ્ત્રી</u> :-

રજસ્વલા સ્ત્રી હોય તેને ''માસિકમાં છે'' અથવા ''નાહવાનું છે'' એમ કહે છે. તે ચાર દિવસ પછી ન્હાય છે. આ સમય દરમિયાન રાંધવાનું કે કામ કરવાનું બંધ રાખતી નથી. તે ઘરનું બધું કામ કરે છે. જેની ઘરે કામ કરવા જાય છે ત્યાં પણ આ સમય દરમિયાન જઈને કામ કરે છે. આ સમય દરમિયાન પુરુષો તેની સાથે જાતિય સંબંધ બાંધતા નથી.

સમય મુજબ જ્યારે માસિક આવતું બંધ થાય ત્યારે ગર્ભ રહયો છે તેમ સ્ત્રીઓ પુરુષો જાણે છે. છતાં પૂછો તો કહે કે પેટ ઊંચું આવે ત્યારે ખબર પડે' અથવા અમને ખબર નથી એમ જણાવે છે.

ગર્ભ રહે ત્યારે નજીકના સમયમાં કોઈ વિધિ કરતા નથી. પરંતુ સાતમા માસે ખોળો ભરવાની વિધિ કરે છે. તે પણ બિન હિંદુઓની અસરથી કરતા થયા છે. નવા રીતે

શ્રીમંત (ખોળો ભરવો) :-

ખોળો ભરવાની વિધિ આજથી ૨૦ વર્ષ પહેલાં કરતા ન હતા. પરંતુ હિંદુઓની સાથે વસવાટ કરવાને કારણે મોટાભાગના આજે આ વિધિ કરતા થયા છે. આજે તે સામાજિક પ્રતિષ્ઠાને કારણે આ વિધિ કરતા હોય એમ જોવા મળે છે. આ વિધિ ગર્ભ રહયા પછીના સાતમા માસે કરાય છે. તેમાં પિતૃપક્ષાથી બે ચાર જણા જઈ ખોળો ભરવા માટેની વિધિમાં હાજર રહે છે. સાથે ધોતિયું, નાળિયેર લાવેલ હોય તે આપે છે. ગર્ભવતિને બેસાડીને નાળાછડી અને ચાંલ્લા કરી દિયર હોય તો ખોળામાં બેસાડવાની વિધિ કરે છે. ન હોય તો નજીકના સગાના છોકરાને બેસાડે છે. તેને ૫ રૂા. આપે છે. આર્થિક સ્થિતિ સારી હોય તો કુટુંબના માણસોને જમાડે છે. બાદમાં સ્ત્રીને પિયરમાં મોકલે છે. જ્યાં પિતાને ત્યાં તેની પ્રથમ સુવાવડ કરાવાય છે.

સુવાવડ સમયે પોતાની જાતિની જ દાયણ આવે છે. જરૂર પડે ડોકટરની પણ મદદ લે છે. દાયણને તેના મહેનતાણારૂપે સ્થિતિ મુજબ ૧૫ થી ૨૫ રૂપિયા આપે છે. અનાજ પણ આપે છે. આજે પણ દાયણને દારુ અપાય છે કે કોઈ સ્ત્રીને પ્રસુતિ પહેલાં દારુ પણ પીવડાવે છે. દાયણ જરૂર પડે છ દિવસ સુધી આવે છે. છ દિવસ થાય એટલે છઠ્ઠીની વિધિ કરે છે.

છઠ્ઠીની વિધિ :-

જન્મ બાદ બાળક ૬ દિવસનું થાય એટલે વિધાતા તેના લેખ લખવા આવે છે એમ સમજીને આ વિધિ કરવામાં આવે છે. રાત્રે દિવો કરીને કંકુ, ચોખા, સોપારી વગેરે મૂકે છે. બાદમાં તેનું નામ પાડે છે. આજે નામ ઘરના માતા પિતા દાયણને બદલે પાડતા હોય છે. નાના બાળકને બીજા બાળકો રમાડે છે. મોટું થતાં ઘરકામમાં મદદ કરે છે. ઢોર ચરાવવા, પીવડાવવા જાય છે. નિશાળે જાય છે પરંતુ કામ કરવા જેવું થતાં તે મજૂરીએ લાગી જાય છે.

બાબરી ઉતરાવવી :-

વસાવા જાતિમાં બાબરી કાપવાનો રિવાજ છે., સ્ત્રીને પ્રથમ છોકરો જન્મે તો ત્રણ માસે મામાને બોલાવીને આ બાળકના વાળ કપાવે છે. મામાને આ પ્રસંગે બોલાવીને ગુમાનદેવ હનુમાનજીના મંદિરે નાળિયેર દિવો કરીને વાળ કપાવે છે. આજે જોકે બધા આ બાબરી ઉતારતા નથી. છોકરા ૧૮ થી ૨૦ વર્ષના થાય એટલે લગ્ન લાયક થયા છે એમ માની માતા પિતા તેના લગ્ન માટે સગાસંબંધીઓ મારફતે કન્યા શોધતા રહે છે.

લગ્ન :-

લગ્ન એક સાથી જોવા મળે છે. કોઈ કિસ્સામાં બહુપત્નીત્વ થયેલું જોવા મળે છે. વસાવા જાતિમાં બે પત્નીઓ રાખી શકાય છે પરંતુ અહીંના વસાવાઓ ઉપર હિંદુઓના રિવાજોની અસર થઈ હોય તેમ જાણવા મળે છે. બીજુ આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી અને લગ્નમું દહેજ એક હજારથી ૨ હજાર રૂપિયા હોઈ આ બધા કારણોને લઈને પણ તેઓ એકપત્ની જ કરે છે.

લગ્ન પ્રકારો :-

(૧) મા-બાપની પસંદગીનાં
(૨) છોકરા-છોકરી પ્રેમ થતાં ભાગી જાય અને લગ્ન થાય.

કોઠા નં.- ૩:૨

તપાસના આદિવાસી કુટુંબોમાં વૈવાહિક દરજ્જો

| પરણિત | | અપરણિત | | વિધુર | વિધવા | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | પુ. | સ્ત્રી |
| ૨૩ | ૨૩ | ૨૪ | ૧૪ | ૮ | ૧ | ૫૫ | ૩૮ |

આમ તો વસાવાઓમાં એક પત્ની અને બહુપત્ની એમ બંને પ્રકારના લગ્નો થાય છે. પરંતુ તપાસના ગામમાં એક પત્ની લગ્ન પ્રથાના કુટુંબો જોવા મળ્યા છે. તેનું કારણ હિંદુ જાતિઓના સંપર્ક અને ઓછી મિલકત મહત્વનો ભાગ ભજવે છે. તપાસના કુટુંબોમાંથી વૈવાહિક દરજ્જો જાણવા મળ્યો છે. જેમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા અપરણિતોમાં ઓછી જણાય છે. વિધુર કરતાં વિધવાનું પ્રમાણ ઓછું છે.

આ ગામમાં વસાવાઓમાં બીજી પત્ની ભાગ્યે જ કોઈની ઘરે હશે એમ તેમના કુટુંબોના સંપર્કમાં પૂછવામાં આવતાં જાણવા મળ્યું છે. બાકી એક કરતાં વધુ પત્ની એ વસાવા જાતિમાં સામાજિક મોભો અને આર્થિક ક્ષેત્રની સમૃધ્ધિ સૂચક ગણાય છે.

(૩) <u>ખંધાડિયા પ્રથા</u> (ઘરજમાઈ) :-

આ પ્રથાથી લગ્નો તેમનામાં આજે પણ થાય છે. પરંતુ છોકરો ન હોય માત્ર છોકરી હોય તો ઘર જમાઈ તરીકે રાખે છે. પરંતુ આ પ્રથાના લગ્ન ખૂબ ઓછા થયેલા જાણવા મળે છે. આમાં મા-બાપની પસંદગી મુજબ જ લગ્નો સમય મુદત પછી કરાય છે.

લગ્ન માટે છોકરાપક્ષ તરફથી સગાસંબંધીઓ ધ્વારા છોકરી પક્ષવાળાને ત્યાં પ્રથમ જાય છે. છોકરાના માબાપ નકકી કરવા જાય, પસંદ પડે તો છોકરીપક્ષવાળા, દારુ પાઈને મરઘી વગેરે ખવડાવે પછી જ છોકરાને અને તેના ઘરને બે ત્રણ જણા જઈને જોઈ આવે છે. આજે સતકેવલ, કબીરપંથ અને હિંદુઓના દેવદેવીઓ (હનુમાન)ની પૂજા આરાધના કરતા હોઈ દારુ-માંસને બદલે ચા-પાણી કે રોટલા શાક-દાળભાત ખવડાવે છે. વરનો બાપ નકકી થયેલી રકમ આપે એટલે વાત નકકી થાય છે અને પછી લગ્નનો દિવસ નકકી કરી ઘેર જાય.

સગાઈ :-

લગ્ન નક્કી થયા પછી છોકરા પક્ષના બાપ, કાકા, ભાઈ વગેરે સગાઈની વિધિ માટે કન્યાને ત્યાં જાય છે. આમાં કન્યાપક્ષના નજીકના સગાઓને બોલાવે, ફળિયાના એકાદ બેને બોલાવે અને વિધિ કર્યા બાદ ૨૦ થી ૨૫ રૂ.નો ગોળ ખવડાવીને મીઠું મોઢું કરાવે છે. સગાઈમાં સાસુ છોકરાને ચાંલ્લો કરે છે. આ સગાઈને 'પિયણ' કહે છે. પછી દારુ પીવડાવે છે. ન પીતા હોય તેમને ચા-બીડી આપે છે. આ વિધિને ''ફૂલ માંગણી'' ''સાકર પૂડા'' કહેવામાં આવે છે.

દહેજ :-

દહેજ સગાઈને દિવસે આપી દેવાય છે. ૧૫૦૦ થી ૨૫૦૦ સુધીનું દહેજ આજે અપાય છે. સ્થિતિ ન હોય તો ૫૦૦ થી ૧૦૦૦ સુધીનું આપે છે. લગ્નના આમંત્રણમાં પહેલાં હળદરમાં ચોખા મોકલતા હતા આજે કંકોત્રી મોકલાય છે.

હળદર લગાડવી (પીઠી) :-

પાંચ છોકરીઓ છોકરાને શરીરે તેલમાં હળદર નાખીને ચોળે છે. રાત્રે છોકરાને તે દિવસથી સાત દિવસ ખભે બેસાડીને નચાડે છે. (છોકરીના ઘરે પણ પીઠી ચોળી ખભે બેસાડી નચાવે છે.) ભાભી સાત દિવસ સુધી હળદરની પીઠી ચોળે છે. દારુ પીવામાં આવે છે. પરંતુ હાલમાં ઘણા ચા પીવડાવે છે. નચાડયા પછી કેટલાક તેને રુપિયો, બે રૂપિયા, પાંચ રૂપિયા આપે છે.

માંડવો :-

આઠમા દિવસે માંડવો નાખવામાં આવે છે. આજુબાજુથી થાંભલા શોધી લાવીને માંડવો નાખી દે છે. આર્થિક સ્થિતિ સારી હોય તો આજે મોટો માંડવો નાખે છે. માંડવા રોપતા મૂરતની થાંભલી પાંચ છોકરાને પકડાવી રોપે છે. છોકરીને ઘરે જાન આવવાના દિવસે માંડવો નાખે છે. સગવડ હોય તો માઈક્રોફોન મૂકે છે.

<u>જાન</u> :-

જાન મહદઅંશે દિવસના સમયમાં જાય છે. રાત્રે જતી નથી. ૨૫થી ૭૫ની સંખ્યામાં જાનમાં માણસો જાય છે. જાન ચાલતી કે દૂર હોય તો ગાડામાં કે બસમાં જાય છે. જાન ગામના પાદરે પહોંચે એટલે કન્યાપક્ષેથી સ્વાગત કરીને કોઈ ઝાડ નીચે ઉતારો આપે છે. ત્યાં જ દારુ, ચા, બીડી વગેરે પીવડાવે છે. ગામના લોકો રાતે તેઓ કન્યાને ત્યાં અને જાનવાળા ઉતારે આખી રાત નાચે છે અને લાડા અને લાડીને નચાવે. સવારે હળદરની અદલાબદલી કરી તૈયારી કરવાનું કહે છે. પછી કન્યાના કપડાં નાચતાં નાચતાં આપી આવે છે.

<u>લગ્ન</u> :-

લગ્ન કરવા જાન લાડા સહિત માંડવે જાય છે. ત્યાં ગામના છોકરા જાન રોકે છે, ત્યાં રિવાજ મુજબ પૈસા આપે એટલે જાનને આગળ જવા દે છે. જાન ઢોલવાળા સાથે નાચતી નાચતી મંડપમાં પ્રવેશે છે ત્યાં વરરાજા ઉપર પાણીનો છંટકાવ કરે છે. પછી લાડો લાડી એકબીજાને ચોખા છૂટા મારે છે. પછી જ ~~xxxx~~ પટેલ કે કારભારી લગ્નની વિધિ બંનેના છેડા બાંધી આગળ ચલાવે છે. આજે આ ગામમાં સામાજિક પ્રતિષ્ઠાને લઈ બ્રાહ્મણને પણ બોલાવીને લગ્ન કરવાનો રિવાજ થયો છે. વચ્ચે કન્યાને કપડાં બદલાવે છે. મંડપ પરથી ઘઉંના લોટના ઢેબરા ઉછાડે છે. પણ બ્રાહ્મણ ધ્વારા આજે આ વિધિ થતી નથી.

લગ્ન પૂરા થયા બાદ જાન સાથે છોકરી અને અણવર આવે છે. ઘેર ગયા બાદ વેરાઈ માતાના મંદિરે નાળિયેર ફોડવામાં આવે છે. જે હિંદુ સવર્ણ જાતિઓની દેવી છે. તેના સ્થાને આ વિધિ થાય છે. લગ્ન બાદ કન્યાને પતિને ઘેર સુવાડતા નથી, અનવર સાથે બીજે ઘેર ઉતારો અપાય છે. કન્યા સાથે એટલે જ પ્રથમવાર આવે ત્યારે જાતિય સંબંધ ન રાખી પિયર મોકલાય છે. ફરી આણાનું કરીને આવે ત્યારબાદ તે સાસરામાં રહે છે.

સાળીવટુ :-

સાળીવટાની પ્રથા તેમનામાં જોવા મળે છે. પત્ની મરી જાય તો પુરુષની નાની ઉંમર જોઈ અથવા મિલકત હોય તો ઉંમર મોટી હોય તો પણ પુરુષ પત્નીની નાની બહેનને લગ્ન કરીને લઈ આવે છે.

દિયરવટુ :-

તેમનામાં દિયરવટાની પ્રથા નથી છતાં દિયર ભોજાઈ એકબીજાને પસંદ કરે તો લગ્ન કરવામાં આવે છે.

પુનઃલગ્ન :-

પુનઃલગ્નનો રિવાજ છે, પરંતુ તેમાં વિધુર પુરુષ વિધવા સાથે જ લગ્ન કરી શકે. કુંવારી છોકરી સાથે લગ્ન સંબંધ બાંધી શકતો નથી. આવા લગ્નમાં કોઈ વિધિ કરાતી નથી.

છૂટાછેડા :-

અહીંના વસાવાઓમાં શંકા, કુશંકાને કારણે છૂટાછેડા થાય છે. પતિપત્નીની વચ્ચે મનમેળ ન હોય તો પંચ સમક્ષ જઈને સરળતાથી છૂટાછેડા મેળવે છે. આજે કોર્ટ જઈને પણ છૂટાછેડા લેવાયાના દાખલા છે.

મૃત્યુ :-

કોઈપણ વ્યક્તિનું મૃત્યું થાય એટલે ફળિયાવાળા સ્ત્રી-પુરુષો એકઠા થાય છે. બીજા ફળિયાના લોકો પણ આવે છે. નજીકમાં સગાં હોય તો બોલાવવામાં આવે છે. મૃત્યુ થતાં જમીન ઉપર પાણી છાંટી મૃત વ્યક્તિને નીચે સુવાડવામાં આવે છે. બાદમાં વાંસમાંથી પાલખી બનાવે છે. પુરુષ મૃત્યુ પામ્યો હોય તો સફેદ અને સ્ત્રી મૃત્યુ પામી હોય તો લાલ કપડું ઓઢાળવામાં આવે છે.

સગાસંબંધીઓ આવી ગયા પછી મૃતદેહને નવડાવીને દાટવાની વસ્તુઓ સાથે મૂકે છે. આજે જોકે સ્નાન કરાવવું કે વસ્તુઓ દાટવાનું બંધ થયું છે એમ ઘણા કહેતા હતા. મૃત વ્યક્તિના પહેરેલા દાગીના કાઢી લેવામાં આવે છે. કપડાં ઉતારી કોઈને આપી દે છે.

સ્મશાનયાત્રામાં ગામના પાદરે પ્રથમ ઉતારો આપે છે. જ્યાંથી સ્ત્રીઓ મૃતદેહને વિદાય આપીને પાછી જાય છે. ત્યાંથી મૃત વ્યક્તિને આગળ લઈ જઈ દાટવાની વિધિ કરે છે. કેટલાક આજે બાળે છે. દાટતાં કે બાળતાં અગ્નિ દેનાર પાંચ ફેરા ફરે છે. આ વિધિ પત્યા પછી દારુ પાતા હતા, અત્યારે કંઈ ખાવાનું કે ચા પાય છે, પછી વિખરાય છે.

મૃત્યુ વ્યક્તિ પાછળ વસાવાઓમાં બારમુ કરવાનો રિવાજ છે. જેને 'દહાડો પાણી' તરીકે ઓળખે છે. મૃત વ્યક્તિના આત્માને શાંતિ મળે, પુણ્ય મળે એ હેતુથી બારમું કરે છે. જેમાં સગાવહાલાંને બોલાવીને દારુ પીવડાવે અને ખાવાપીવાનું આપે છે. પરંતુ સાત દિવસે સૂતક ઉતાર્યા પછી જ બારમુ કરે છે. જેમાં માથાના વાળ, દાઢી, મૂછના વાળ ઉતારે છે. આ ક્રિયા ધાર્મિક વિધિ પ્રમાણે કરે છે. આજે ઘણા બારમુ કરે છે, ઘણા નથી કરતા.

મૃત્યુ બાદ આત્મા સ્વર્ગ કે નર્કમાં જાય છે કે ભગવાનને ઘેર જાય છે. તેઓ સ્વર્ગ, નર્ક, આત્મા, પરમાત્મા વગેરેને માને છે. તેઓ હિંદુઓના દેવદેવીઓ સિવાય પોતાના દેવદેવીઓને પણ માને છે.

આમ વસાવાઓ તેમની પોતાની પ્રાકૃતિક અવસ્થાની ધર્મભાવના ઉપરાંત હિંદુધર્મ પાળતી જાતિઓની ધાર્મિક પ્રવૃત્તિઓની અસરોને લીધે હિંદુઓના હનુમાન, કાળકા, વેરાઈ, રામ વગેરેના મંદિરે જાય છે. ફોટાઓ અને તેમના નામના ભજનો વગેરે તેમનામાં પ્રચલિત થતા જોવા મળે છે. તેઓ જન્મ, લગ્ન કે મૃત્યુ જેવા પ્રસંગોએ હિંદુઓની ધાર્મિક વિધિઓ કે ભાવનાઓ ધરાવતા થયા છે. જેમ કે

જન્મ વખતે ખોળો ભરવો, બાબરી ઉતારવી, લગ્ન સમયે બ્રાહ્મણ પાસે લગ્ન કરાવવું, મૃત્યુ સમયે દારુ-માંસનો ઉપયોગ બંધ કરવો. વગેરે આચારો કરે છે અને નાળિયેર, દીવાબત્તીથી ચલાવે છે. તેમ છતાં મરઘાં-બકરાંનો કોઈ કોઈ બલિ આપે છે, ત્યારે બધા વસાવા કુટુંબો ભાગ આપે છે. બીજી બાજુ હિંદુઓના દેવ હનુમાનને નાળિયેર-તેલ પણ ચઢાવે છે. તેઓની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી સાદાઈથી ઉત્સવ તહેવારો કે પૂજા વિધિઓ પતાવે છે. તેઓ ભજન મંડળી ધ્વારા હિંદુઓને ત્યાં ભજન પણ કરે છે. તેઓ નર્મદા પૂજન કે સ્નાન કરી પુણ્ય મળે એમ પણ માને છે.

તેઓ ભુવા-ભગતને પણ મહત્વ આપે છે. પ્રસંગ પડે તેને બોલાવી મંત્ર-તંત્ર કરાવે છે. કારણ કે તેઓ હજુ ભૂત-ડાકણ વગેરેમાં માને છે.

<u>શિક્ષણ</u> :-

૧૯૭૧ના સેન્સસ પ્રમાણે ભરુચ જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ ૩૫.૭૩ ટકા હતું જેમાં પુરુષોનું શિક્ષણ ૪૬.૪૧ ટકા અને સ્ત્રીઓનું શિક્ષણ ૨૪.૪૯ ટકા હતું. ત્યારબાદ ૧૯૮૧ના સેન્સસ પ્રમાણે જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ ૩૫.૭૩ ટકાથી વધીને ૪૪.૬૬ ટકા થયું જેમાં પુરુષોમાં ૫૫.૫૧ ટકા અને સ્ત્રીઓમાં ૩૩.૧૭ ટકાનું પ્રમાણ છે. આ દાયકા દરમિયાન પુરુષ અને સ્ત્રી શિક્ષણના પ્રમાણમાં સમાન વધારો લગભગ થવા પામ્યો હતો.

જિલ્લાની સરખામણીમાં ઝગડીઆ તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ૧૯૭૧ પ્રમાણે તાલુકામાં કુલ ૨૮.૪૪ ટકા હતું. જેમાં ૩૮.૪૩ ટકા પુરુષોનું અને ૧૭.૯૪ ટકા સ્ત્રીઓમાં શિક્ષણ હતું. જે ૧૯૮૧માં વધીને ૩૮.૦૮ ટકા થવા પામ્યું હતું. જેમાં ૪૮.૬૭ ટકા પુરુષો અને ૨૬.૮૯ ટકા સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ હતું. આનું મુખ્ય કારણ ગરીબાઈ, શિક્ષણની સુવિધાઓનો અભાવ, જાણકારી-

નો અભાવ વગેરે હોય તેમાંય સ્ત્રીઓનું શિક્ષણનું પ્રમાણ ઓછું છે. જે જિલ્લા, તાલુકા અને ગામ કક્ષાએ પણ ઓછું જ જણાય છે.

૧૯૭૧માં નાનાસાંજા ગામનું કુલ શિક્ષણનું પ્રમાણ ૨૮.૮૫ ટકાનું હતું જેમાં ૪૦.૨૫ ટકા પુરુષો અને ૧૬.૬૩ ટકા સ્ત્રીઓનું પ્રમાણ હતું જે વધીને ૧૯૮૧માં કુલ શિક્ષણ ૪૬.૭૭ ટકા થયું હતું. જેમાં ૫૮.૧૬ ટકા પુરુષો અને ૩૩.૪૦ ટકા સ્ત્રીઓનું પ્રમાણ થયું હતું.

તપાસ સમયે ૧૯૮૯માં નાનાસાંજા ગામમાં શિક્ષણનું પ્રમાણ ૪૬.૭૭ ટકા છે. કુલ ૧૦૬૭ની વસતિમાંથી ૩૩૪ પુરુષો અને ૧૬૪ સ્ત્રીઓ લખી વાંચી શકે તેવું શિક્ષણ લીધેલ અને માંડ ૧૦થી ૨૦ વ્યક્તિઓ જેઓ ૧૦ ધોરણથી થોડું વધારે શિક્ષણ લીધું હોય તેમ જાણવા મળ્યું હતું.

પ્રાથમિક શિક્ષણ માટે પ્રથમ ૧ થી ૫ ધોરણની શાળા ગામમાં હતી તે પછી ૧૯૭૯માં ૬ ધોરણ સુધી થઈ હતી અને હાલમાં સાત ધોરણની શાળા છે.

પ્રથમ તપાસ વખતે ગામમાં પાંચ ધોરણની શાળા હતી જેમાં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા ૧૦૧ની હતી. હાલમાં (૧૯૮૯) શાળા સાત ધોરણની છે. જિલ્લા પંચાયત શાળાનું સંચાલન કરે છે. શાળામાં ૭ શિક્ષકો છે. શાળાનું મકાન પાકું છે જે ગામને પાદરે આવેલું છે. જેમાં ધોરણવાર અભ્યાસ કરતાં કુલ બાળકો અને આદિવાસી બાળકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

## કોઠા નંબર ૩ : ૩

### શાળામાં ધોરણવાર અભ્યાસ કરતા બાળકો (૧૯૮૯)

| ક્રમ | ધોરણ | બિન પછાત કુમાર | બિન પછાત કન્યા | પછાત (અનુ.જાતિ અનુ.જનજાતિ) કુમાર | પછાત (અનુ.જાતિ અનુ.જનજાતિ) કન્યા | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પહેલું | ૩ | ૩ | ૬ | ૫ | ૧૭ |
| ૨. | બીજું | ૧૧ | ૭ | ૮ | ૪ | ૩૦ |
| ૩. | ત્રીજું | ૫ | ૭ | ૧૧ | ૧૨ | ૩૫ |
| ૪. | ચોથું | ૭ | ૬ | ૧૦ | ૭ | ૩૦ |
| ૫. | પાંચમું | ૭ | ૪ | ૧૯ | ૧૭ | ૪૭ |
| ૬. | છઠ્ઠું | ૩ | ૫ | ૧૧ | ૩ | ૨૨ |
| ૭. | સાતમું | ૩ | ૪ | ૩ | ૨ | ૧૨ |
| ૮. | કુલ | ૩૯ | ૩૬ | ૬૮ | ૫૦ | ૧૯૩ |
| | | ૭૫ | | ૧૧૮ | | ૧૯૩ |

ગામની શાળામાં ધોરણ-૧થી ૭ સુધીમાં બિનપછાત અને પછાત છોકરાઓની મળી ૧૯૩ સંખ્યા છે. હજુ પણ પછાત વર્ગના બાળકોનું પ્રમાણ ઓછું હોય એમ લાગે છે. કુમાર- કન્યાની રીતે જોઈએ તો શાળાના દરેક ધોરણમાં બંનેની લગભગ સરખી જાણવા મળી છે.

શાળામાંથી જાણવા મળેલી ધોરણવાર છોકરા-છોકરીઓની સંખ્યામાં આ દિવાસી છોકરા છોકરીઓની સંખ્યા નીચે મુજબ છે.

કોઠા નં.- ૩ : ૪

૧૯૮૯માં ગામની શાળામાં આદિવાસી બાળકોની સંખ્યા (ધોરણ પ્રમાણે) :-

| ક્રમ | ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | પહેલું | ૬ | ૪ | ૧૦ |
| ૨. | બીજું | ૭ | ૪ | ૧૧ |
| ૩. | ત્રીજું | ૧૧ | ૧૨ | ૨૩ |
| ૪. | ચોથું | ૧૦ | ૭ | ૧૭ |
| ૫. | પાંચમું | ૧૮ | ૧૬ | ૩૪ |
| ૬. | છઠ્ઠું | ૧૧ | ૨ | ૧૩ |
| ૭. | સાતમું | ૧ | - | ૧ |
| ૮. | કુલ | ૬૪ | ૪૫ | ૧૦૯ |

આમ આદિવાસી છોકરા-છોકરીઓની સંખ્યા જાણવા મળી છે. જેમાં શરૂઆતના વર્ષોમાં છોકરા-છોકરીઓની સંખ્યા વધારે હોય છે. પણ આગળ જતાં દર વર્ષે સંખ્યા ઘટતી જાય છે.

ગામમાંથી વધુ શિક્ષણ માટે ઝગડિયા અને ભરુચ જાય છે. હાલમાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓ પછાત-બિન પછાત જ્ઞાતિના ઝગડિયા માધ્યમિક શાળામાં અભ્યાસ માટે જાય છે. ઝગડિયા જવા માટે રેલ્વે તેમજ બસની સુવિધા છે.

આરોગ્ય :-

ગામમાં ડોકટર કે દવાખાનાની સગવડ નથી. પરંતુ દર ગુરુવારે સેવા રુરલ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દવા અપાય છે. ઉપરાંત ગામના નવયુવાન સરપંચ જે એક બ્રાહ્મણના પુત્ર છે તેઓ ઝગડિયા એક ડોકટરને ત્યાં કંપાઉન્ડર તરીકે કામ કરે છે તે કેટલીક પ્રાથમિક સારવારની દવા ગામના લોકોને આપે છે. વધુ બિમારીના કેસમાં ઝગડીયા કે ભરુચની મોટી હોસ્પિટલમાં જાય છે.

# પ્રકરણ – ૪

## આર્થિક જીવન ૧૯૮૯

### આવકનાં સાધનો :-

**વ્યવસાય :-**

ગામના મુખ્ય ધંધામાં ખેતી અને મજૂરી ગણી શકાય પરંતુ પ્રથમ આપણે કુલ કામ કરતી વસતિ અને જુદા જુદા ધંધામાં કામ કરતી વસતિ જોઈશું. ૧૯૮૧ના સેન્સસ પ્રમાણે કામ કરતી વસતિનું પ્રમાણ નીચે મુજબ હતું.

કોઠા નં.- ૪ : ૧

કામ કરતી વસતિનું પ્રમાણ- ૧૯૮૧

| ક્રમ | | કામ કરનારા | કામ નહિ કરનારા |
|---|---|---|---|
| ૧. | ગુજરાત | ૩૭.૨૭ | ૬૨.૭૩ |
| ૨. | ભરુચ | ૪૨.૧૨ | ૫૭.૮૮ |
| ૩. | ઝગડીયા | ૪૩.૪૦ | ૫૬.૬૦ |
| ૪. | નાનાસાંજા | ૪૫.૦૮ | ૫૪.૯૨ |

ઉપરના કોઠામાં જોઈશું તો જણાશે કે કામ કરતી વસતિનું પ્રમાણ સૌથી વધારે નાનાસાંજા ગામમાં છે જે ૪૫ ટકા જાણવા મળ્યું હતું. આજીવિકા મેળવવા માટે કામ કરી શકે તેવા બધા જ સભ્યોએ કામ કરવું પડે છે. ખેતીની ઓછી આવક અને અન્ય કોઈ સ્થિર આવક નહીં હોવાને કારણે જ્યાં મળે ત્યાં મજૂરી કરવી પડતી હોય છે. ખેતી અને ખેતમજૂરી સિવાય આવક મેળવવાના બીજા સાધનો નહીંવત હોઈ આ બંને સાધનો ધ્વારા આવક મેળવવા માટે ઘરના બધા જ લોકોએ એક યા બીજા પ્રકારનું કામ કરવું પડતું હોય છે.

ગુજરાત રાજ્યમાં તથા ભરુચ જિલ્લામાં અને ઝગડીયા તાલુકામાં કામ કરતી વસતિનું પ્રમાણ અનુક્રમે ૩૭ ટકા તથા ૪૨ ટકા અને ૪૩ ટકા હતું એટલે તાલુકા- જિલ્લા અને રાજ્યમાં આ પ્રમાણમાં બહુ મોટો તફાવત નથી. તપાસેલ નાનાસાંજા ગામમાં રાજ્ય અને જિલ્લા કરતાં કામ કરતી વસતિનું પ્રમાણ વધારે હોવું જોઈએ તે છે જ. ગામમાં એ રીતે ઓછામાં ઓછી જરૂરિયાત મેળવવા માટે પણ કામ કરી શકે તેવી બધી વ્યકિતઓએ કામ કરવું પડતું હોય છે. ગામમાં ૧૦૬૭ની વસતિમાંથી કામ કરતી વસતિનું પ્રમાણ ૪૮૧નું છે. એટલે કે કુલ વસતિની ૪૫.૦૮ ટકા વસતિ કામ કરે છે. એટલે કે દર દસ માણસે ચાર જ માણસો કામ કરે છે અને તે ચાર માણસો ઉપર બીજા ૭ માણસોએ આધાર રાખે છે.

અમારી તપાસ દરમ્યાન ગામમાં પુખ્ત ઉંમરની સ્ત્રીઓ અને પુરુષો જુદા જુદા કામમાં રોકાયેલા હતા. જેમ કે પુરુષો ક્વોરીમાં મજૂરી કરતા હતા અને સ્ત્રીઓ મંદિરમાં કામ કરતી હતી. ૧૯૮૧ના સેન્સસની માહિતી પ્રમાણે જુદા જુદા ધંધામાં રોકાયેલ કામ કરતી વસતિ કોઠા નં. ૪ : ૩માં જોઈએ.

<u>કોઠા નં.- ૪ : ૩</u>

<u>જુદા જુદા ધંધામાં કામ કરતી વસતિ (૧૯૮૧)</u>(ટકામાં)

| ક્રમ | | ઝગડીયા | નાનાસાંજા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૨૬.૮૬ | ૨૩.૪૪ |
| ૨. | ખેતમજૂરી | ૫૩.૭૨ | ૭૦.૩૧ |
| ૩. | ખાણ, પશુપાલન તથા અન્ય | - | ૬.૨૫ |
| ૪. | ગૃહઉદ્યોગ | - | - |
| ૫. | ગૃહઉદ્યોગ સિવાય ઉદ્યોગ | ૧.૭૨ | - |
| ૬. | બાંધકામ | - | - |
| ૭. | વેપાર | - | - |
| ૮. | વાહન અને સંદેશા | - | - |
| ૯. | અન્ય સેવાઓ | ૧૭.૭૦ | - |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરના કોઠા નં. ૪ : ૨ના આંકડા ઉપરથી જોઈશું તો જણાશે કે ખેતીમાં કામ કરતી વસતિની ટકાવારી નાનાસાંજામાં ઓછી છે જ્યારે તાલુકામાં તેનું પ્રમાણ વધારે છે. પરંતુ ખેતમજૂરીની ટકાવારી જોઈએ તો નાનાસાંજા ગામમાં વધારે છે જ્યારે સમગ્ર ઝગડીયા તાલુકામાં તેનું પ્રમાણ ઓછું છે. એટલે ગામમાં ખેતી કરતાં ખેતમજૂરી કરીને જીવન નિર્વાહ કરનારની સંખ્યા સવિશેષ છે. આનું મુખ્ય કારણ ગામમાં જમીન ધરાવનાર કુટુંબોની સંખ્યા ખુબ ઓછી છે. જે કુટુંબો જમીન ધરાવે છે તેઓને મજૂરોની જરૂર રહે છે, જે આ જમીન વિહોણા કે ઓછી જમીનવાળાને મજૂરી માટે બોલાવે છે એટલે ગામની મોટાભાગની વસતિ પોતાની આજીવિકા માટે ખેતમજૂરીના ધંધામાં રોકાયેલી છે. આથી ગામના આર્થિક વિકાસનો આધાર ખેતમજૂરોની સ્થિતિ ઉપર છે. તેમની આવકોમાં બીજા વ્યવસાયો દ્વારા ફેરફાર લાવી ન શકાય ત્યાં સુધી ગામની મોટાભાગની વસતિ ભૂખમરામાં અને ગરીબીમાં જ દિવસો પસાર કરશે. માત્ર ખેતી કરતા કુટુંબોની જ આવક વધશે.

ખેતી એ આવકનું મહત્વનું સાધન છે. તે ઉપરની હકિકત પરથી જાણી શકાય છે. આ મહત્વના સાધનને માટે જમીન તથા અન્ય સાધનો જાણવા મળ્યા હતા તે નીચે મુજબ હતા. જે તેમની આજીવિકાની આવકમાં મહત્વનો ફાળો આપતા હતા.

<u>જમીન</u> :-

ગામની કુલ જમીન ૧૯૮૯-૯૦માં (સરકારી દફતર) સેન્સસ મુજબ ૬૪૨ એકર છે. જેમાંથી ખેતીલાયક જમીન ૬૪૮ એકર છે. ગામની ૧૯૮૧ની વસતિ ૧૦૬૭ માણસોની છે એટલે કે વ્યકિતદીઠ ૧૯૮૧માં ૦.૬૧ એકર જમીન આવે. સરેરાશ કુટુંબનું કદ ૫નું હોય તો કુટુંબદીઠ ૩ એકર જમીન ગણી શકાય. છેલ્લા દાયકાના વસતિ વધારાને કારણે કુટુંબદીઠ અને વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ ઓછું થવા પામ્યું છે.

તપાસેલ કુટુંબોમાં જે જમીન હતી તે કુટુંબ કદ પ્રમાણે કુટુંબદીઠ જમીન જાણવા મળી હતી તે કોઠા નં.- ૪.૩માં દર્શાવ્યા પ્રમાણે વિગતવાર જોવાથી ખ્યાલ આવશે.

કુટુંબ પાસે કેટલી જમીન છે તેના ઉપરથી તેની આર્થિક સ્થિતિનો અંદાજ બાંધી શકાય. પણ આ આર્થિક સ્થિતિ માત્ર જમીન ઉપરાંત જમીનની જાત, ખેડૂતની સ્થિતિ, સિંચાઈની સગવડો, આબોહવા, વરસાદ, જમીનમાં થતા પાકો, ખેતીના સાધનો, ધિરાણની સગવડો, વાવણી પધ્ધતિઓ વગેરે ઉપર પણ ખૂબ મોટો આધાર રાખે છે. એટલે જ આ બધા પરિબળોની અનુકૂળતા હોય તો સારી આવક પ્રાપ્તિ મેળવી શકાય. અનુકૂળ ન હોય તો આવક ઓછી થાય.

ગામની જમીનનું પ્રમાણ કુટુંબદીઠ કેટલું છે. તે ૧૯૮૧ની વસતિ પ્રમાણે જોયું. હવે તપાસેલ કુટુંબોમાં આ કુટુંબદીઠ પ્રમાણ કેટલું છે તે જોઈએ. કોઠા નં. ૪.૩ માં દર્શાવ્યા પ્રમાણે તપાસેલ ૨૫ કુટુંબોમાંથી ૧૧ (૪૪ ટકા) કુટુંબો જમીનવિહોણા હતા. જેમાં ૧૦ XXX-આદિવાસી વસાવા જાતિના અને એક માછીનું કુટુંબ સમાયેલું હતું. તપાસેલ કુટુંબોમાં માત્ર ૮ કુટુંબો પાસે જમીન જાણવા મળી હતી. બાકીના છ કુટુંબો પાસેની જમીન રાજપૂત, બ્રાહ્મણ અને માછી, વણકર કુટુંબો ધરાવતા જણાયા હતા. જમીન ધરાવતા કુટુંબોની કુટુંબદીઠ જમીન ૩.૨૩ એ.ગુંઠા થતી હતી. ૯ કુટુંબો પાસે ૬૧ ટકા જમીન જણાય છે. આમ કોઠા નં. ૪:૩ જોતાં ખ્યાલ આવશે કે તપાસેલ કુટુંબોમાં જમીનનું કદ આ પ્રમાણે હોય તો ગામમાં બીજા ઘણા કુટુંબો જમીન વિહોણા અને ઓછી જમીન ધારણ કરનાર હયાત હતા. જાણવા મળેલી જમીન ગામના ખુબ ઓછા જમીનધારકોના નામે નોંધાયેલી હતી. જેમાંય રજપૂત, બ્રાહ્મણ, માછી વગેરેને નામે નોંધાયેલી જમીન વિશેષ હતી.

## કોઠા નં. ૪ : ૩

### જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન (એકરમાં) | કુટુંબદીઠ જમીન | કુલ કુટુંબના ટકા | કુલ ધારણ કરેલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૦થી ૨.૫ | ૩ | ૫.૦૫ | ૧.૨૮ | ૧૨.૦૦ | ૧૦.૨૬ |
| ૨. | ૨.૫થી ૫ | ૯ | ૩૦.૧૯ | ૩.૧૫ | ૩૬.૦૦ | ૬૧.૦૧ |
| ૩. | ૫ થી૭.૫ | ૧ | ૫.૦૨ | ૫.૦૨ | ૪.૦૦ | ૧૦.૧૧ |
| ૪. | ૭.૫થી૧૦ | ૧ | ૯.૧૨ | ૯.૧૨ | ૪.૦૦ | ૧૮.૬૨ |
| ૫. | જમીનવગરના | ૧૧ | - | - | ૪૪.૦૦ | - |
| | કુલ | ૨૫ | ૪૯.૩૮ | ૩.૨૩ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આમ ખેતીનો વ્યવસાય મુખ્ય હોવા છતાં જમીન વહેંચણીનું પ્રમાણ સરખું નહિ હોવાથી ગામના થોડા વર્ગ પાસે વધારે પ્રમાણમાં જમીન અને વિશાળ વર્ગ ઓછી જમીન કે જમીન વિહોણો હોય. ગામનો આ ૭૦ ટકા જેટલો વર્ગ માત્ર ખેતીના ધંધામાંથી નિર્વાહ જેટલી આવક મેળવી શકવાને સમર્થ નથી. તેમાંય ઓછી જમીન અને ઓછી આવકને કારણે સારા સાધનો, બિયારણો, ખાતર વાપરી શકતો નથી. જેને કારણે તેની જમીનમાંથી પાકો થવા જોઈએ તે લઈ શકતો નથી એટલે જમીન ધરાવનાર અને ઓછી જમીનવાળા વચ્ચે હંમેશ તફાવત રહે છે.

**જમીનની જાત :-**

આગળ જમીન વિષયક સ્થિતિ અને પ્રમાણ વિશે જોયું. આ વિસ્તારની જમીન આમ તો ઘણે ઠેકાણે ખાડા ટેકરાવાળી, રેતાળ પથ્થરવાળી અને ખૂબ ધોવાણ થતી છે પરંતુ નાનાસાંજાની જમીન ધોવાણવાળી હોવા છતાં રસાળ કાંપવાળી અને ભેજ સંગ્રહની શકિત-વાળી છે. ઉપરાંત નદી કાંઠાની ફળદ્રુપ ભાઠાની જમીન છે. ઉપરાંત

આ જમીનમાં કપાસ, જુવાર, તુવેર, કેળ અને શાકભાજી પુષ્કળ થાય. તેમાંય કાવેરી ખાડાની જમીન કાંપવાળી ખુબ ફળદ્રુપ જમીન છે. જેમાં સિંચાઈથી પણ આ જમીનમાં પાકો શિયાળે-ઉનાળે લઈ શકાય છે. એટલે કેટલાક એકર જમીનમાં એકરદીઠ ઉત્પાદન પણ ખુબ વધારે આપે છે.

ગામની જમીન કાળી છે તેમજ ફળદ્રુપ રેતાળ કાંપ જમીન છે. કુલ જમીનમાં ૨૦૨ એકર જમીન બાગાયત છે અને બાકી જમીન જરાયત છે. ગામનો કુલ વિસ્તાર જેમાંથી ખેતીલાયક જમીનનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

કોઠા નં. ૪ : ૪

જમીન એકરમાં

| ક્રમ | | ૧૯૬૮ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | કુલ | ૯૩૩ | ૯૩૩ | ૯૩૭ |
| ૨. | ખેડવાલાયક નહીં તેવી | ૭૧ | ૭૬ | ૮૭ |
| ૩. | સાર્વજનિક ખેડવાલાયક નહિ તેવી, ગામઠણ,ગૌચર વગેરે | ૧૮૧ | ૧૭૭ | ૨૦૨ |
| ૪. | જંગલ | - | - | - |
| ૫. | ખેતી ઉપયોગમાં આવે તેવી | ૬૮૧ | ૬૭૯ | ૬૪૮ |

ગામની કુલ જમીનમાં ઝાઝો ફેરફાર નથી. પરંતુ ખેતી-લાયક જમીનમાં ઘટાડો નોંધાયો છે જ્યારે સાર્વજનિક , ખેડાણ ન થાય તેવી જમીનમાં વધારો નોંધાયો છે. જે કોઠા નં. ૪:૪માં જોતાં ખ્યાલ આવશે. ગામમાં જંગલ વિસ્તાર ઘણા વર્ષોથી નથી.

ગામની જમીનના કુલ ખેતીલાયક વિસ્તારમાં દિનપ્રતિદિન સિંચાઈ હેઠળનો જમીન વિસ્તાર ક્રમશઃ વધતો જાય છે. સિંચાઈની સુવિધાને કારણે અહીંયાં કેળની ખેતી ખૂબ મોટા પાયે થયેલી જોવા મળે છે જે કોઠા નં. ૪:૫માં જોતાં થયેલું વાવેતર જોવા મળશે.

## કોઠા નં. ૪ : ૫

### અનાજવારી ૧૯૫૧-૫૨, ૧૯૫૯-૬૦, ૧૯૬૭-૬૮, ૧૯૮૭-૮૮

| પાક | ૧૯૫૧-૫૨ | ૧૯૫૯-૬૦ | ૧૯૬૭-૬૮ | ૧૯૮૭-૮૮ |
|---|---|---|---|---|
| જુવાર | ૩૪.૦૩ | ૩૬.૪૦ | ૩૧.૭૧ | ૨૦.૦૫ |
| બાજરી | ૧.૭૯ | ૦.૮૪ | ૧.૦૧ | – |
| ઘઉં | ૦.૦૩ | ૧.૭૮ | – | ૦.૪૨ |
| તુવેર | ૦.૮૭ | ૩.૨૩ | ૩.૨૩ | ૪૨.૧૩ |
| વાલ, અન્ય કઠોળ | ૦.૪૪ | ૧.૦૨ | ૦.૮૮ | ૦.૪૦ |
| ડાંગર | ૩.૬૦ | ૪.૦૧ | ૩.૦૮ | – |
| મગફળી | ૫.૨૬ | ૧.૦૩ | ૦.૨૮ | – |
| મરચાં | ૧.૨૩ | ૦.૪૭ | ૧.૦૦ | ૦.૩૩ |
| તલ | ૦.૫૮ | ૦.૫૫ | – | – |
| કપાસ | ૪૦.૮૪ | ૪૮.૦૦ | ૪૭.૪૫ | ૪.૦૭ |
| તમાકુ | – | – | ૨.૩૫ | – |
| ઘાસ | ૬.૭૦ | – | ૬.૭૬ | ૦.૧૨ |
| શાકભાજી | ૦.૯૦ | ૦.૮૫ | ૦.૫૮ | ૫.૪૦ |
| ફળ | ૨.૧૮ | ૦.૬૧ | ૦.૧૪ | ૨૭.૦૮ |
| અન્ય પડતર | ૧.૨૫ | ૧.૨૧ | ૦.૧૪ | |
| | – | – | ૧.૩૯ પડતર | |
| કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ગામમાં દાયકા બે દાયકા પહેલાંના પાકોની અનાજવારી જોઈએ તો મુખ્ય પાકોમાં કપાસ, જુવારનો નંબર પ્રથમ હતો. પરંતુ હવે કપાસની ખેતી મોંઘી પડતી હોવાથી પાક પરિવર્તનને આધારે ખેડૂતોએ તુવેર, કેળ, જુવારના પાકો ઉપર છેલ્લા પાંચ સાત વર્ષોથી ધ્યાન કેન્દ્રિત કરેલું છે. એટલે છેલ્લા દાયકા દરમિયાન કપાસનો પાક ખુબ જ ઘટી જવા પામ્યો છે. તેનું સ્થાન તુવેર અને કેળે લીધેલું છે.

છેલ્લા ૧૯૭૯ થી ૧૯૮૯ના દસ વર્ષોમાં કેટલાક પાકો જે સાવ સામાન્ય હતા તે હવે થતા જોવા મળે છે. જેમકે તુવેર ખુબ જ ઓછી કરતા તેનું વાવેતર વધવા પામ્યું છે. શાકભાજી તેવી જ રીતે કેળનો પાક ખુબ જ ઓછા વાવેતર હેઠળ હોય તેને બદલે રોકડીયા પાક તરીકે ખુબ જ મોટા પાયે આજે થાય છે. આમાંય એકરદીઠ ઉત્પાદન, ભાવો અને સિંચાઈની સુવિધાઓને કારણે આ વાવેતર હેઠળના વિસ્તારો બદલાઈ ગયેલા જોવા મળે છે. કપાસના રોગને કારણે અને ભાવને કારણે તેનું વાવેતર ખુબ જ ઘટી જવા પામ્યું છે. પહેલાં અહીં ઉત્તમ જાતની ભાઠામાં તમાકુ પકવતા હતા, આજે તમાકુ બિલકુલ વાવેતર હેઠળ જોવા મળતી નથી. તેજ રીતે ડાંગર, મગફળી, બાજરી જેવા પાકોનું વાવેતર પણ થતું બંધ થયું છે.

આજે સિંચાઈને કારણે દુબારી વાવેતર હેઠળનો વિસ્તાર વધી જવા પામ્યો છે.

<u>ખેતીના સાધનો</u> :-

ખેતીના ઓજારોમાં લાકડાના હળ, કરબનો ઉપયોગ કરે છે. સમાર, વાવણિયો, નાની કરબડીઓ વગેરેનો ઉપયોગ કરે છે. કેટલાક કુટુંબો પાસે ગાડું છે જેનો ઉપયોગ માલને ઝગડીયા બજારમાં પહોંચાડવા કે બીજા ગામે જવા કરે છે. બધા જ ખેડૂતો ખેતીના ઓજારો પોતાના વાપરતા નથી. ઘણા ભાડે ખેડાવી લેતા જોવા મળે છે. તેઓ બળદ પણ રાખતા નથી. માત્ર બે રજપૂત ખેડૂતો પાસે ટેકટર છે. જેનાથી લોકો પોતાના ખેતરમાં જમીન સરખી કરાવે છે. સિંચાઈની સગવડ પણ ચાર પાંચ ખેડૂતો પાસે છે. જેમની પાસેથી બીજા ખેડૂતો પાણી વેચાતુ લે છે. એ સિવાય દાતરડુ, ખુરપી અને કુહાળી-પાવડા જેવા નાના ઓજારો તેઓ ખેતીમાં ઉપયોગમાં લે છે.

બિયારણ તેઓ દેશી અને હાઈબ્રીડ જાતનું વાપરે છે. એટલે દેશી ઘરેથી વાપરે છે અને હાઈબ્રીડ બજારમાંથી ખરીદી ઉપયોગમાં

લે છે. કેટલાક બીજે વર્ષે પાક્યા પછી રાખી મૂકીને હાઈબ્રીડ બિયાણર ફરી વાપરે છે. તુવેર, જુવાર પાક વિશેષ કરતા થયા હોવાથી બંને જાતના બિયારણ તેઓ વાપરે છે. તુવેર દેશી બિયારણ-વાળી રોગથી સૂકાઈ જવાથી હાઈબ્રીડ બિયારણ વાવતા થયા છે. એ પછી કેળની ગાંઠો તેઓ વાવે છે.

કેળ અને નવી હાઈબ્રીડ તુવેરનું વાવેતર વધ્યું છે ત્યારથી તેઓ ખાતર દેશીને બદલે રાસાયણિક વાપરે છે. જોકે જેમની પાસે સિંચાઈની સગવડ અને જમીન ઓછી છે તેઓ હજુ દેશી છાણિયા ખાતર ઉપર જ આધાર રાખે છે. જેમની આર્થિક સ્થિતિ સારી છે તેઓ ખુબ ખાતર-પાણી આપી એકરદીઠ ઉત્પાદન બમણું લેતા થયા છે.

<u>સિંચાઈ</u> :-

ખેતીમાં વધારેમાં વધારે એકરદીઠ ઉત્પાદન માટે, એક કરતાં વધુ પાકો લેવા માટે- ટૂંકમાં ખેતીના વધારે ઉત્પાદન માટે સિંચાઈ ખુબ જ મહત્વની ગણી શકાય. સમગ્ર ભરુચ જિલ્લામાં તેની ભૂરચનાને લઈને ખેડાણ હેઠળના જમીન વિસ્તારમાં ખુબ જ ઓછો વિસ્તાર સિંચાઈ હેઠળ છે પરંતુ ૧૯૬૦-૬૧ પછીના ગાળામાં પ્રથમ વિકાસ યોજનાની શરૂઆત પછી આ સિંચાઈ હેઠળનો જમીન વિસ્તાર વધવા પામ્યો હતો. જેમ કે ૧૯૫૫-૫૬માં કુલ વાવેતર નીચેના વિસ્તારના ૮.૩ ટકા વિસ્તાર સિંચાઈ નીચે હતો જે પાંચ વર્ષમાં ગાળા દરમિયાન જિલ્લામાં સિંચાઈ નીચેના વિસ્તારમાં ૨.૪ ટકાનો વધારો થયો હતો. પરંતુ આ પ્રમાણ ખુબ ઓછું કહેવાય અને તે સિંચાઈ બારેમાસ પાણી આપી શકે તેવી ન હોવાથી પુરતી નહોતી.

એજ રીતે ૧૯૬૦-૬૧ પછીના વર્ષોમાં પણ કુલ જમીન વિસ્તારમાંથી ખેડાણ હેઠળનો વિસ્તાર અને સિંચાઈ હેઠળનો વિસ્તાર વધવા પામ્યા છે. પરંતુ તેનું પ્રમાણ પણ ખુબ ઓછું જાણવા મળ્યું છે. જેમ કે જિલ્લામાં ૧૯૬૧માં કુલ જમીનમાંથી ૫૮.૪૦ ટકાનો વિસ્તાર ખેડાણ હેઠળ હતો જેમાંથી માત્ર ૧.૦૮ ટકાનો વિસ્તાર જ સિંચાઈ

હેઠળ જાણવા મળ્યો હતો. જે ૧૯૭૧માં જોઈએ તો કુલ જમીનમાંથી ૬૧.૨૯ ટકાનો વિસ્તાર ખેડાણ હેઠળ હતો જેમાં ૬.૫૧ ટકાનો વિસ્તાર સિંચાઈ હેઠળ હતો. એજ રીતે ૧૯૮૧માં જોઈએ તો કુલ વિસ્તારમાંથી ૬૬.૭૫ ટકાનો વિસ્તાર ખેડાણ હેઠળ હતો જેમાં ૭.૬૪ ટકાનો વિસ્તાર સિંચાઈ હેઠળ હતો. આમ ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧માં સિંચાઈ હેઠળનો વિસ્તાર અનુક્રમે ૧.૦૮, ૬.૫૧ અને ૭.૬૪ ટકાનો થવા પામ્યો હતો.

એજ રીતે તાલુકામાં જોઈએ તો ૧૯૬૧માં કેટલાક આંક અપ્રાપ્ય હોઈ મળ્યા નહોતા પરંતુ ૧૯૭૧માં અને ૧૯૮૧માં કુલ જમીનમાં ખેડાણ હેઠળનો વિસ્તાર અનુક્રમે ૬૨.૭૪ ટકા અને ૬૯.૩૪ ટકાનો હતો જેમાં સિંચાઈ હેઠળનો વિસ્તાર ૧૯૭૧ અને ૧૯૮૧માં અનુક્રમે ૪.૮૭ ટકા અને ૬.૫૦ ટકાનો હતો તેમાં પણ વધારો એટલો બધો જોવા મળ્યો નહોતો.

નાનાસાંજા ગામમાં સરકારી દફતરે નોંધાયેલો આ જમીન હેઠળનો ખેડાણ વિસ્તાર અને સિંચિત વિસ્તાર ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧માં બદલાયેલાં જોવા મળ્યો હતો. એ રીતે ૧૯૬૧- ૧૯૭૧ અને ૧૯૮૧માં કુલ જમીન વિસ્તારમાંથી અનુક્રમે ૭૫.૦ ટકા, ૭૨.૭૮ ટકા અને ૬૯.૧૬ ટકાનો વિસ્તાર ખેડાણ હેઠળનો હતો. જેમાં સિંચાઈ હેઠળનો વિસ્તાર જોઈએ તો ૧૯૬૧માં માત્ર ૦.૭૨ ટકાનો ખેડાણ વિસ્તારમાંથી સિંચાઈ હેઠળનો વિસ્તાર હતો જે વધીને ૧૯૭૧માં ૪.૪૨ ટકાનો સિંચાઈ વિસ્તાર થયો હતો જે ૧૯૮૧માં વધીને ૩૯.૬૬ ટકા સુધી પહોંચી જવા પામ્યો હતો. એટલે છેલ્લા બે દાયકાઓમાં ૧૯૭૧ થી ૧૯૮૧ના દાયકામાં સૌથી વધુ વિસ્તાર સિંચાઈ હેઠળ હતો જે આજે પણ કુવાઓ અને નદી દ્વારા સતત વધતો જાણવા મળે છે. એટલે ૧૯૮૧ પછીના વર્ષોમાં સિંચાઈ હેઠળનો વિસ્તાર વધવા પામ્યો છે. પરંતુ ૧૯૮૮માં નોંધાયેલો સિંચાઈનો વિસ્તાર થોડો ઘટવા પામ્યો હોય એમ આંકડાઓ પરથી લાગે છે. પરંતુ આંકડાઓ પણ ઘણીવાર અંદાજે હોવાનું બનવાજોગ છે.

નાનાસાંજા ગામનાં ૧૯૬૮, ૧૯૭૮ અને ૧૯૮૯નાં સરકારી દફતરે કુલ જમીનમાંથી ખેડાણ હેઠળની જમીન અને સિંચાઈ હેઠળની જમીનના જે આંકડા આપવામાં આવ્યા હતા જેમાં ૧૯૬૮ અને ૧૯૭૮ના સિંચાઈ હેઠળના આંકડાઓ નોંધવામાં આવેલ નથી. પણ ગામના ખેડૂતોએ કરેલી સિંચાઈને આધારે અંદાજીત એકર ૪૪ ૫૦ જેટલી જમીન-માં ૧૯૬૮માં અને ૫૦ એકર જમીનમાં ૧૯૭૮માં પિયત વાવેતર કરવામાં આવેલું હતું જ્યારે ૧૯૮૮ના સિંચાઈ હેઠળ આંકડાઓમાં ૬૪૮ હેઠળના ખેડાણમાંથી ૨૦૨.૨૭ એકર-ગુંઠા જમીન સિંચાઈ હેઠળ જાણવા મળી છે. આ સિંચાઈમાં ૧૯૬૮ અને ૧૯૭૮માં ઘઉં, શાકભાજી જ ગણાવેલાં પરંતુ ૧૯૮૮માં ઘઉં, શાકભાજી અને મોટા પાયે કેળની સિંચાઈ ગણી છે. આ સિંચાઈ છેલ્લા પાંચ સાત વર્ષમાં થયેલા નવા કુવાઓ, ૬૧૫ જેટલા એન્જીન અને ઈલેક્ટ્રીક મોટરો ધ્વારા થઈ છે. એટલે છેલ્લા પાંચ વર્ષોમાં કેળ અને શાકભાજીનું વાવેતર ખૂબ મોટા પાયે થયું છે. હજુ પણ પિયત હેઠળનો વિસ્તાર વધતો જાય છે. આ બધામાં વસાવા જાતિમાંથી બે ખેડૂતોએ કૂવા કર્યા છે. જેના ધ્વારા સિંચાઈ કરે છે. આમ ગામમાં ૧૯૭૮થી ૧૯૮૮ના દસ વર્ષના ગાળામાં ૫૦ એકરમાંથી ૨૦૨ એકરનો સિંચાઈ હેઠળનો વિસ્તાર થવા પામ્યો છે પરંતુ આ લાભ ગામના રજપૂત અને માછી એમ અને બે ત્રણ બ્રાહ્મણ કુટુંબોને જ મળ્યો છે. પછાત વર્ગના વસાવા, હરિજન કુટુંબોને ખૂબ જ ઓછો લાભ આ સિંચાઈથી થયો છે. તેઓ મૂડીના અભાવે, જમીન ઓછી હોવાને લીધે અને ખેતી વિકાસના બીજા લાભો ઉઠાવી શક્યા નથી. બાકી અહીં નર્મદા અને કાવેરીના ભાઠાઓમાં તેઓ શાકભાજી કે ફળફળાદિ કરે તો ઘણો સારો આર્થિક લાભ મેળવી શકે તેમ છે પરંતુ મૂડીનો અભાવ, ઓછી જમીન અને ખેતમજૂરીના સમયમાં પોતાને સમયનો અભાવ હોવાથી આ વસાવા, હરિજન પછાત જાતિઓ કરી શકતી નથી એમ તે લોકોનું માનવું છે.

આવકના સાધનો :-

ગામનાં મોટેભાગે કુટુંબોનો વ્યવસાય ખેતી છે. પરંતુ તપાસના કુટુંબોમાંથી વસાવા જાતિના કુટુંબો ખેતી અને ખેતમજૂરીના વ્યવસાય-માંથી મોટાભાગની આવક મેળવે છે. જેમની પાસે જમીન ઓછી છે કે જમીન વિહોણા છે એવા કુટુંબો ખેતમજૂરી કરીને જ પોતાનું ગુજરાન ચલાવે છે. આમ ખેતી તથા મજૂરીના ધંધામાંથી આવક મેળવે છે. પશુપાલન, નોકરીની આવક અને અન્ય વ્યવસાય (હિરાઉધ્યોગ-ફેકટરી-માં છૂટકકામ)ની આવકો નજીવી રહે છે.

તપાસના કુટુંબોમાંથી ખેતી કરતા અને ખેતમજૂરી કરતા કુટુંબો જુદા જુદા વ્યવસાયો ધ્વારા આવક પ્રાપ્ત કરીને જીવન-નિર્વાહ કરતા જાણવા મળ્યા હતા. વર્ષો પહેલાં જંગલ મંજૂરીમાંથી આવક થતી તે આજે બંધ થઈ જવા પામી છે. પશુપાલનના વ્યવસાયમાં તેઓ ભેંસો, ગાયો રાખે છે પરંતુ બહુ સારો ખોરાક આપી ન શકવાથી અને પૂરતો ઘાસચારો બારેમાસ ન હોવાથી ઘી-દૂધની આવક જોઈએ તેટલી થતી નથી. થોડા કુટુંબો દૂધ ભરી આવક પ્રાપ્તિ કરતા જણાય છે. અન્ય આવકમાં (હિરા ઘસવા અને કવોરીની ~~૪~~ મજૂરી) પણ માંડ થોડી આવક તેઓ મેળવી શકતા હતા.

નોકરી દ્વારા આવક છેલ્લા પાંચ-સાત વર્ષમાં કેટલાક યુવાનો મેળવતા થયા છે. તેઓ તલાટી, ~~અં~~ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં સિંચાઈ વિભાગમાં નોકરીઓ કરે છે.

ગામના તપાસના કુટુંબોમાંથી ખેતી અને ખેતમજૂરીની આવકો ઉપર જીવન નિર્વાહ થતો હતો. ખેતીની આવક ૧૧ કુટુંબોને ~~xxx~~ થતી હતી જયારે બાકીના ૧૪ કુટુંબો ખેતમજૂરીની આવક મેળવતા હતા. આ ખેતી અને ખેતમજૂરી કરતા કુટુંબો ઉપર બતાવેલા પશુપાલન, નોકરી જેવા વ્યવસાયો સાથે પણ સંકળાયેલા હતા. ખેતમજૂરી ચોમાસે અને શિયાળે ભરપુર મળી રહે છે. ઉનાળામાં મજૂરી મેળવવા બીજે કામે જવું પડે છે. મજૂરીમાં ચાકરી રહે છે. તેને મજૂરી શોધવી પડતી

નથી. જ્યારે રોજે રોજે છૂટક શોધીને જે મજૂરી કરે છે તેને દરરોજ મજૂરી શોધવી પડે છે. મજૂરીના દર ૫ થી ૭ રૂપિયાનો જોવા મળે છે.

તપાસના જુદા જુદા ખેતી અને ખેતમજૂરીવાળા કુટુંબો જુદા જુદા વ્યવસાયોમાંથી આવક પ્રાપ્તિ કરતા જણાયા હતા. જે નીચે મુજબ છે. જેમાં કુટુંબદીઠ અને માથાદીઠ જુદા જુદા કુટુંબો જુદી જુદી આવક પ્રાપ્તિ કરતા જણાય છે જે વિગતે કોઠા નં. ૪ : ૬માં છે.

## કોઠા નં.- ૪ : ૬

## આવકના સાધનો- ૧૯૮૯

| ક્રમ | વિગત | ખેતી અને પશુપાલન | | મજૂરીની આવક | | નોકરીની આવક | | અન્ય આવક | | કુલ આવક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખેતીવાળા | મજૂરીવાળા | ખેતી | ખેતમજૂરી | ખેતી | ખેતમજૂરી | ખેતી | ખેતમજૂરી | ખેતી | ખેતમજૂરી |
| ૧. | કુટુંબદીઠ | ૧૭૩૮ | ૫૦ | ૨૮૩૦ | ૩૫૯૧ | ૧૨૫ | ૧૪૪૦ | ૪૧૨ | ૪૦ | ૫૦૬૮ | ૫૦૫૧ |
| ૨. | માથાદીઠ | ૩૬૯ | ૯ | ૫૩૯ | ૭૦૪ | ૨૩ | ૨૮૨ | ૭૮ | ૭ | ૯૬૫ | ૯૯૦ |

આમ આવક પ્રાપ્તિ માટે ખેતી-ખેતમજૂરી સિવાયના બીજા વ્યવસાયો તેઓ કરે છે. ગામમાં કવોરી સિવાય અન્ય કોઈ ઉપયોગની કે ઉધોગની કે ધંધાની આવક નથી.

નિર્વાહ ખર્ચ :-

આ વિસ્તારનો મુખ્ય પાક જુવારનો છે. એટલે ખોરાકમાં બીજા વિસ્તારોની જેમ બારેમાસ સવાર સાંજ જુવારનો ઉપયોગ કરે છે. એ સિવાય જુવારના રોટલા કે બીજી વસ્તુઓ સાથે શાક કે કઢી બનાવીને કે કઠોળ બનાવીને ખાય છે. મોટાભાગનું ખર્ચ આ જુવારના અનાજ પાછળ તેઓ ખર્ચે છે. એ સિવાય તુવેર વધુ પકવે છે. એટલે કઠોળમાં તેનો ઉપયોગ વધ્યો છે.

બકરા-મરઘાં-સસલાના માંસનો ઉપયોગ બ્રાહ્મણ સિવાયના કુટુંબો કરે છે. પરંતુ થોડા વસાવા કુટુંબો જે ધર્મને કારણે ખાતા નથી. અઠવાડિયે માંસનો એકાદવાર ઉપયોગ ખાવામાં કરે છે. મરઘાં અને તેના ઈંડાં પણ તેઓ ખોરાકમાં ખાય છે.

એ સિવાય ચા પીવાય છે. જેમાં દૂધ, ખાંડ, ગોળનો ઉપયોગ તેઓ કરે છે. બધા જ કુટુંબો ખાંડ લેતા નથી. સગવડ થાય તે પ્રમાણે ખરીદે છે.

તમાકુ-દારુનું વ્યસન ઉપર બતાવ્યું તેમ ભગત અને ધર્મવાળા કુટુંબો સિવાય બધાને જ છે. જેની પાછળ સારો એવો ખર્ચ આ કુટુંબો કરે છે. તમાકુ પાન સાથે રાખે છે. તેઓ જાતે જ બીડી બનાવી પી લે છે.

મુસાફરીનું ખર્ચ પહેલાં કરતાં આજે વધ્યું છે. પહેલાં ચાલીને ઝગડીયા કે ભરુચ જતા હવે તો વાહનવ્યવહારને કારણે બસ કે ગાડીમાં જાય છે. કપડાંનું ખર્ચ, દૂધનું ખર્ચ રજપૂત કુટુંબોમાં વિશેષ જોવા મળે છે. બાકીના કુટુંબો કપડાં પાછળ ખૂબ ભારે ખર્ચ નહીં કરતાં સામાન્ય

કોટનના કપડાં પહેરી ચલાવે છે. કેટલાક કપડાં સાદાં પહેરે છે પણ એકાદ જોડ સારાં હોય. બુટ-ચંપલ પહેલાં કરતાં આજે પહેરતા થયા છે.

દવાદારુ, સાબુ, મોજશોખ વગેરે જેવા ખર્ચાઓ પણ કેટલાક કુટુંબમાં જોવા મળે છે. જેમાં મોજશોખ પાછળ કેટલાક કુટુંબના છોકરાઓ ખર્ચ કરતા હોય છે.

એટલે જ તો આમાંના ઘણા કુટુંબોને આવક કરતાં ખર્ચ વધી જવાથી દેવાની સ્થિતિમાં મૂકાઈ જવાની ફરજ પડે છે. વધુ માહિતી આવક અને ખર્ચની કોઠા નં. ૪:૭માં આપી છે.

કોઠા નં.- ૪ : ૭

જમીનના પ્રમાણમાં આવક અને ખર્ચ

| જમીનનું પ્રમાણ<br>૧ | ક્રમ<br>૨ | કુલ આવક રૂ.માં<br>૩ | કુલ ખર્ચ રૂ.માં<br>૪ | કુટુંબની દેવાદાર સ્થિતિ<br>૫ |
|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૫ | ૪૫૫૦ | ૫૪૨૫ | ✓ |
| | ૧૨ | ૩૦૦૦ | ૩૫૬૦ | ✓ |
| | ૧૩ | ૫૬૭૫ | ૭૩૪૫ | ✓ |
| ૨.૫થી ૫ | ૧ | ૪૭૨૫ | ૩૧૫૫ | — |
| | ૨ | ૪૯૮૦ | ૫૯૧૦ | ✓ |
| | ૩ | ૬૨૨૦ | ૪૨૨૫ | — |
| | ૪ | ૫૮૦૦ | ૬૯૫૫ | ✓ |
| | ૭ | ૬૬૭૦ | ૭૯૨૦ | ✓ |
| | ૮ | ૨૬૯૦ | ૫૦૦૦ | ✓ |
| | ૯ | ૫૫૪૫૦ | ૩૬૮૮૫ | — |
| | ૧૦ | ૨૩૯૫૦ | ૨૮૧૫૦ | ✓ |
| | ૧૧ | ૭૩૨૫ | ૭૭૫૦ | ✓ |

(પાછળ ચાલુ)

| જમીનનું પ્રમાણ | ક્રમ | કુલ આવક રૂ.માં | કુલ ખર્ચ રૂ.માં | કુટુંબની દેવાદાર સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૫ થી ૭.૫ | ૧૪ | ૧૫૯૩૦ | ૫૨૪૫ | — |
| ૭.૫થી ૧૦ | ૬ | ૪૯૧૦ | ૬૨૯૫ | ✓ |
| જમીન વગરના | ૧૫ | ૫૦૪૦ | ૬૩૬૫ | ✓ |
| | ૧૬ | ૧૫૦૦ | ૧૫૭૦ | ✓ |
| | ૧૭ | ૩૩૬૦ | ૩૯૯૦ | ✓ |
| | ૧૮ | ૩૦૫૦ | ૪૪૩૫ | ✓ |
| | ૧૯ | ૩૭૦૦ | ૪૦૪૦ | ✓ |
| | ૨૦ | ૪૮૦૦ | ૪૯૦૦ | ✓ |
| | ૨૧ | ૪૫૦૦ | ૪૬૩૦ | ✓ |
| | ૨૨ | ૬૦૦૦ | ૫૫૫૫ | — |
| | ૨૩ | ૪૧૬૦ | ૪૧૩૦ | — |
| | ૨૪ | ૧૪૪૦૦ | ૬૯૮૦ | — |
| | ૨૫ | ૧૩૧૦૦ | ૬૯૭૫ | — |

દેવું :-

આવકો ઘણા કુટુંબોની ઓછી હોવાને કારણે અને કેટલીક વાર નિર્વાહખર્ચ અને અન્ય ખર્ચાઓનું પ્રમાણ આવક કરતાં વધારે હોવાને લીધે દેવું કરવાની આવશ્યકતા ઊભી થાય છે. આ દેવાઓ ઉત્પાદકીય અને બિન ઉત્પાદકીય જોવા મળે છે. તેમાંના કેટલાક ઘર બાંધવા, જીવવા માટે કે લગ્નપ્રસંગો, માંદગી વગેરે માટે દેવા કરેલ હતા જે બિનઉત્પાદકીય દેવા હતા જ્યારે થોડાકે જમીન ખરીદવા કે કુવા માટે કે ઢોર ખરીદવા માટે કરેલા દેવા ઉત્પાદકીય કરેલા. જેમાંથી ખર્ચ કરીને મૂડી રોકીને આવક વધારો કરી શકાય છે.

તપાસના ૨૫ કુટુંબોમાંથી જેટલા કુટુંબોએ દેવાની રકમ અને તેની પાછળનો હેતુ સાધન પ્રમાણે બતાવ્યો હતો તેટલા કુટુંબોની

માહિતી કોઠા નં. ૪:૮ અને ૪:૯માં દર્શાવ્યા પ્રમાણે હતી. તપાસના કેટલાક કુટુંબોને દેવું છે પરંતુ તે બતાવ્યું નહોતું એટલે તેની માહિતી આપી નથી શકાઈ. પરંતુ આવક ખર્ચના કોઠા નં. ૪:૭માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી જે કુટુંબો આવક કરતાં વધુ ખર્ચ કરતા જાણવા મળ્યા હતા તેમને દેવું કર્યું હતું પરંતુ કોનું દેવું કેટલું છે તે જણાવ્યું નહોતું.

## કોઠા નં. ૪ : ૮

## દેવાના સાધન પ્રમાણે દેવાનું વર્ગીકરણ

| અનુ. | સાધન | દેવાદાર કુટુંબોની સંખ્યા | દેવાની રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૧. | સગાસંબંધી | ૧ | ૪૦૦૦ |
| ૨. | વેપારી/શાહુકાર | ૨ | ૨૪૦૦ |
| ૩. | સહકારી મંડળી | ૧ | ૪૦૦૦ |
| ૪. | સરકાર | ૫ | ૩૩૩૦૦ |
| ૫. | અન્ય | ૧ | ૩૦૦૦ |
| ૭ | કુલ | ૧૦ | ૪૬૭૦૦ |

## કોઠા નં.-૪ : ૯

## દેવાના હેતુ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | દેવાનો હેતુ | દેવાદાર કુટુંબો | દેવાની રકમ(રૂા.) |
|---|---|---|---|
| ૧. | સામાજિક | ૨ | ૮૦૦૦ |
| ૨. | ખેતી માટે | ૧ | ૩૫૦૦ |
| ૩. | જમીન સુધારણા/ખરીદી | ૨ | ૨૨૦૦૦ |
| ૪. | ઘર સમારકામ/બાંધકામ | ૪ | ૯૧૦૦ |
| ૫. | ખાદ્યખોરાકી/જીવન નિર્વાહ માટે | ૧ | ૪૧૦૦ |
| ૬ | કુલ | ૧૦ | ૪૬૭૦૦ |

# પ્રકરણ - ૫

## ૧૯૮૯માં આદિવાસીઓમાં દેખાતા પરિવર્તનો

આગળના પ્રકરણોમાં ૧૯૮૯માં તપાસમાં લીધેલ કુટુંબોની આર્થિક-સામાજિક સ્થિતિ શું છે, તે જોયું. આ પ્રકરણમાં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસની તુલનાત્મક સ્થિતિના વર્ણન પરથી નાનાસાંજા ગામમાં અને તેમાં વસતા આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનોનો ખ્યાલ આપ્યો છે. પ્રકરણ-૧માં જણાવ્યું છે તેમ ૧૯૬૯માં ૩૮ આદિવાસી કુટુંબોનો અભ્યાસ થયો હતો. ૧૯૭૯માં સર્વેક્ષિત ૩૮ કુટુંબોમાંથી ૮ કુટુંબના વડા ગુજરી ગયા હતા, એટલે ૩૦ કુટુંબની તપાસ થઈ શકી હતી. જયારે ૧૯૮૯માં ૩૦ આદિવાસી કુટુંબોમાંથી ૧૨ કુટુંબના વડા મૃત્યુ પામવાથી ૧૮ કુટુંબોનો અભ્યાસ થઈ શકયો છે.

આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનો જોતાં પહેલાં નાનાસાંજા ગામ જે ૧૯૬૯ અને ૧૯૭૯માં હતું તેના કરતાં અત્યારે કેવું છે ? મતલબ કે તેમાં કેવા ફેરફારો થયા છે તે જોઈએ. ~~xxxxx~~

### ગામમાં આવેલ પરિવર્તન :-

નાનાસાંજા ગામ ભરુચ જિલ્લાના ઝગડીઆ તાલુકામાં આવેલું છે. નાનાસાંજા ગામનું મૂળ નામ 'સાંજા' હતું પરંતુ ઝગડીઆ તાલુકામાં મોટાસાંજા કરીને એક ગામ છે તેથી આ ગામનું નામ 'નાનાસાંજા' રાખ્યું. ગામ જૂની વસાહતનું છે. ગામ પાસેથી જ ભરુચ-ઝગડીઆ રોડ પસાર થાય છે. અને આને લઈને ગામને આવતી જતી ૩૫ થી ૪૦ જેટલી બસ સેવાનો લાભ મળે છે. ગામથી લગભગ દશ-પંદર કિ.મી.ના અંતરે ઝગડીઆ, અંકલેશ્વર અને ભરુચ શહેર આવેલ છે.

ગામ પાસે છેલ્લા ચારેક વર્ષથી ક્વોરી ચાલે છે, જેમાંની બે સિમેન્ટની છે અને એક કપચી બનાવે છે. આને લઈને પણ ગામમાં વાહનવ્યવહાર અને અન્ય સુવિધા વધી છે.

ગામના કુટુંબો પોતાની જીવન જરુરિયાતની વસ્તુઓની ખરીદી મોટેભાગે ભરુચથી કરે છે. ગામમાં બે-ત્રણ દૂકાનો છે, તેમાં એક આદિવાસી કુટુંબ પણ દુકાન ધરાવે છે. પરંતુ ગામમાં જે દુકાનો છે તેમાં પાન, બીડી, ચા-ખાંડ અને ટોપરા મળે છે. બાકીની ખરીદી તો અન્ય શહેરમાંથી કરવી પડે છે.

ગામમાં વસતા બિન આદિવાસી કુટુંબોમાં બ્રાહ્મણ, માછી, રાજપુત, ભરવાડ, વાળંદ, કોળી અને પારસી કુટુંબો છે. આદિવાસી કુટુંબોમાં માત્ર વસાવા છે. જ્યારે અનુસૂચિત જાતિમાં વણકરો છે. આ બધા મળી ૨૪૫ કુટુંબો છે અને વસતિ ૧૩૧૦ થાય છે.

છેલ્લા થોડા મહિનાથી નાનાસાંજા ગામને સેવા રુરલ સંસ્થા ઝગડીઆ તરફથી દત્તક લેવામાં આવ્યું છે. સંસ્થા તરફથી ગામની સેવાના કામ સારું નાનું સરખું મકાન બનાવ્યું છે, તેમાં અત્યારે આંગણવાડી ચાલે છે અને સંસ્થા તરફથી દર ગુરુવારે ડોકટર અને અન્ય કર્મચારી આવે છે અને ગામના જરૂરમંદ લોકોને આરોગ્ય સંબંધમાં માર્ગદર્શન, સૂચનો અને સહાય આપવામાં આવે છે. આ સિવાય ગામમાં મેલેરિયા નાબુદી યોજના નીચે દવા વગેરે અપાય છે. સાથે એ કહેવું જોઈએ કે ગામના લોકોમાં આરોગ્ય સંબંધમાં જાગૃતતા આવી છે અને લોકો શીતળાની રસી મૂકાવે છે. સ્ત્રીઓને પ્રસુતિ સમયે તકલીફ જણાય તો દવાખાને પણ લઈ જવામાં આવે છે.

ગામના લોકોને પીવાનું પાણી ગામમાં બે કૂવા છે ત્યાંથી મળી રહે છે. આમાંથી એક કૂવાનું પાણી અત્યારે પીવાલાયક નથી. વળી ઉનાળામાં કૂવામાં પાણી રહેતું ન હોવાથી ૨ કિ.મી. દૂરથી પીવાનું પાણી લાવવું પડે છે. ગામમાં અત્યારે પીવાના પાણી માટેની પાઈપ લાઈન નંખાય ગઈ છે અને મોટાભાગના બિન આદિવાસી કુટુંબોએ પોતાને ઘેર કનેકશન મેળવી લીધું છે. ખાસ કરીને આદિવાસી કુટુંબોનો રહેઠાણ વિસ્તાર ઊંચાઈ પર હોવાથી ત્યાં પાઈપ લાઈન નાંખી નથી પરંતુ એક સ્ટેન્ડ પોસ્ટ મૂકયું છે. હવે બોર થઈ જાય એટલે નાનાસાંજા ગામના કુટુંબો પોતાને ઘેર જ પીવાનું પાણી મેળવી શકશે.

ગામમાં વીજળી છે, મહોલ્લે મહોલ્લે થાંભલા નાંખ્યા છે. બિન આદિવાસી કુટુંબોમાંથી ઘણાએ પોતાને ત્યાં વીજળી લીધી છે. આદિવાસીમાંથી દશ-બાર કુટુંબોએ વીજળી લીધી છે.

આ ઉપરાંત ગામમાં પાંચ બાયોગેસ છે, આઠ-દસ કુટુંબોએ પોતાના ઘરની પાછળના ભાગમાં સંડાસ બનાવ્યા છે. દશ-બાર કુટુંબોને ત્યાં ટી.વી. છે. આમાંથી ત્રણ-ચાર ટી.વી. આદિવાસી કુટુંબોને ત્યાં છે. ગામમાં બે ટ્રેકટર, લ્યુના, સ્કુટર અને મોટરસાયકલ મળી ૧૫ જેટલા વાહન છે. એક મેટાડોર છે. ત્રણ દળવાની ઘંટી છે. અને એક બ્રાહ્મણ કુટુંબને ત્યાં ફોન પણ છે. હા, ગામમાં સહકારી કે અન્ય કોઈ મંડળી નથી.

ગામમાં પ્રાથમિક શાળા છે. જેમાં ૧ થી ૭ ધોરણ સુધીની સુવિધા છે. શાળામાં ૭ શિક્ષકો છે.

ઉપરોક્ત ચિત્રથી ખ્યાલ આવશે કે ૧૯૭૯માં ગામમાં પ્રાથમિક સુવિધા હતી તેના કરતાં હાલના સમયે પ્રાથમિક સુવિધાઓ વધી છે. ખાસ કરીને વાહન અને સંદેશા-વ્યવહાર, પ્રાથમિક જરૂરિયાતના સાધનો તેમજ આનંદ-પ્રમોદના સાધનો વધ્યા છે. આમ ગામમાં મોટા પરિવર્તનો આવ્યા છે તેમ કહી શકાય.

<u>આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનો</u> :-

૧૯૬૯માં નાનાસાંજા ગામમાંથી આદિવાસી અને બિન-આદિવાસીના ૫૭ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. આજ કુટુંબોની સ્થિતિ ૧૯૭૯ અને ૧૯૮૯માં નીચે પ્રમાણે રહી હતી. ૧૯૬૯માં પસંદ થયેલ કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ અને તેજ કુટુંબોની ૭૯ અને ૮૯માં શું સ્થિતિ છે તે દર્શાવતો કોઠો જોઈએ.

| વર્ષ | વ્યવસાય ખેતી | ખેતમજૂર | બહાર ગામ મજૂરી માટે ગયા | મૃત્યુ પામેલ | કુલ કુટુંબો |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૫ | ૨૨ | – | – | ૫૭ |
| ૧૯૭૯ | ૨૪ | ૧૭ | ૨ | ૧૪ | ૫૭ |
| ૧૯૮૯ | ૧૪ | ૧૧ | ૨ | ૩૦ | ૫૭ |

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાશે કે છેલ્લા વીસ વર્ષના ગાળામાં પ્રથમ પસંદ થયેલ ૫૭ કુટુંબોમાંથી ૩૦ (૫૩ ટકા) કુટુંબોના વડાના મૃત્યુ થયા છે.

૧૯૮૯માં જે ૧૮ આદિવાસી કુટુંબોની તપાસ થઈ શકી છે. આમાંથી જમીન ધારકોની સંખ્યા અને તેમની માલિકીની જમીનનું કદ નીચેના કોઠામાં બતાવ્યું છે.

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | જમીન વિહોણા | ૧૦ | ૫૫ |
| ૨. | ૧ થી ૨.૫૦ એકર | ૩ | ૧૭ |
| ૩. | ૨.૫૧ થી ૫ એકર | ૪ | ૨૨ |
| ૪. | ૫.૧ કે તેથી વધુ | ૧ | ૬ |
| | કુલ | ૧૮ | ૧૦૦.૦૦ |

ઉપરના આંકડાકીય ચિત્રથી ખ્યાલ આવે છે કે ૫૫ ટકા કુટુંબો જમીન વિહોણા છે. જેમની પાસે જમીન છે તેવા આઠ કુટુંબો-માંથી ૭ કુટુંબો પાસે ૫ એકર સુધીની જમીન છે. તે સાત કુટુંબોની સરાસરી જમીન તો ૩ એકર જેટલી પણ નથી થતી. માત્ર એક કુટુંબ પાસે ૫.૧ એકરથી વધુ જમીન છે અને તે નવ એકર જમીન ધરાવે છે.

પરંતુ આ તો થઈ જમીનની વાત પરંતુ આદિવાસી કુટુંબોની જે ખેતી માટેની જમીન છે તેને જો જોઈએ તો તે જમીન ખાડા-ટેકરાવાળી અને પથ્થરાળ જોવા મળે છે. સાથે તેમની પાસે ખેતીના પૂરતા સાધનો પણ ન હોવાથી સારી ઉપજ મેળવી શકાતી નથી. અને આ ખેતી તેમને બે ટંકનું ખાવાનું પણ આપી શકતી નથી.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની સરેરાશ જમીન ધારકતા નીચેના કોઠામાં બતાવી છે.

| ક્રમ | વર્ષ | સરેરાશ જમીન ધારકતા (એકરમાં) |
|---|---|---|
| ૧. | ૧૯૬૯ | ૧.૩૫ |
| ૨. | ૧૯૭૯ | ૧.૮૦ |
| ૩. | ૧૯૮૯ | ૩.૭૦ |

ઉપરના કોઠા પરથી જોઈ શકાશે કે ૧૯૬૯માં સરેરાશ જમીન ૧.૩૫ એકર હતી. ૧૯૭૯ની તપાસ સમયે સરેરાશ જમીન ૧.૮૦ એકર હતી. આમ એ દશકામાં સરેરાશ જમીન ઘટી છે. જ્યારે ૧૯૮૯માં સમય દરમિયાન સરેરાશ જમીન ૩.૭૦ એકર જોવા મળી છે. આમ ખેતીની સરેરાશ જમીન વધી છે.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં ખેતી કરતા કુટુંબો નીચે પ્રમાણે હતા.

| વર્ષ | તપાસમાં લીધેલ કુટુંબો | ખેતી કરતા કુટુંબો (સંખ્યા) | ટકા |
|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૮ | ૧૫ | ૪૦ |
| ૧૯૭૯ | ૩૦ | ૮ | ૨૭ |
| ૧૯૮૯ | ૧૮ | ૮ | ૪૪ |

૧૯૬૯માં ૪૦ ટકા કુટુંબો ખેતી કરતા હતા, ૧૯૭૯માં ૨૭ ટકા કુટુંબો ખેતી કરતા હતા જ્યારે ૧૯૮૯માં ૪૪ ટકા કુટુંબો ખેતી કરે છે. આમ ખેતી કરનાર કુટુંબો વધ્યા છે.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં આદિવાસીઓમાં ખેતમજૂરોનું પ્રમાણ કેટલું હતું તે નીચે દર્શાવ્યું છે.

| વર્ષ | તપાસમાં લીધેલ કુલ કુટુંબો | તપાસ સમયે ખેતમજૂર (સંખ્યા) | ટકા |
|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૮ | ૨૩ | ૬૦ |
| ૧૯૭૯ | ૩૦ | ૨૨ | ૭૩ |
| ૧૯૮૯ | ૧૮ | ૧૦ | ૫૬ |

છેલ્લા વીસ વર્ષનું ચિત્ર જોતાં ખ્યાલ આવે છે કે ૧૯૬૯ કરતાં ૧૯૮૯માં ખેતમજૂરોની સંખ્યા થોડી ઓછી થઈ છે. આમ છતાં ૧૯૬૯ કરતાં ૧૯૭૯ની તપાસ સમયે ખેતમજૂરોનું પ્રમાણ વધું હતું જ્યારે ૧૯૮૯ની તપાસ વેળાએ આ પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. આમ છતાં ૫૬ ટકા કુટુંબો ખેતમજૂરો છે તે નોંધવું જોઈએ.

નાનાસાંજા ગામમાં ૧૯૬૯માં ૩૮ આદિવાસી કુટુંબો ૧૯૭૯માં ૩૦ કુટુંબો અને ૧૯૮૯માં ૧૮ કુટુંબો તપાસમાં લીધા હતા જેનું કુંટુંબકદ ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં આ પ્રમાણે જોવા મળ્યું

<u>કુટુંબનું કદ (૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં)</u>

| ક્રમ | સભ્ય સંખ્યા | ખેતી કરતા કુટુંબો ૬૯ | ૭૯ | ૮૯ | ખેતમજૂરી કરતા કુટુંબો ૬૯ | ૭૯ | ૮૯ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧થી ૩ સભ્ય | ૨ | – | – | ૫ | ૨ | ૨ |
| ૨ | ૪થી ૬ સભ્ય | ૧ | ૧ | ૭ | ૧૧ | ૧૧ | ૭ |
| ૩ | ૭થી ૯ સભ્ય | ૧૦ | ૭ | ૧ | ૬ | ૮ | – |
| ૪ | ૧૦થી વધારે | ૩ | – | – | – | ૧ | ૧ |
| | | ૧૬ | ૮ | ૮ | ૨૨ | ૨૨ | ૧૦ |

કુટુંબના કદમાં ખેતી કરતા કુટુંબોમાં ૭ થી ૯ સભ્યોવાળા કુટુંબોની સંખ્યા ૬૯ અને ૭૯માં વધુ હતી જ્યારે ૮૯ની તપાસ સમયે આ જૂથમાં ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા વધુ જોવા મળી. ખેતમજૂરોના જૂથમાં ૪ થી ૬ સભ્ય સંખ્યાવાળા કુટુંબોની સંખ્યા તપાસના ત્રણે ગાળામાં વધુ છે. એટલે કે લગભગ ૬ સભ્ય સંખ્યા ખેત-મજૂર જૂથમાં જોવા મળી. બીજી એક બાબત એ જોવા મળી છે કે ૧૯૬૯ અને ૧૯૭૯માં ૭ થી વધુ સભ્ય સંખ્યાવાળા કુટુંબો હતા તેની સામે ૧૯૮૯માં આ જૂથમાં માત્ર એક જ કુટુંબ જોવા મળે છે. એટલે કે સંયુક્ત કુટુંબો તુટતા જાય છે અને તેની સામે કેન્દ્રિય કુટુંબો વધતા જાય છે.

<u>મિલકત</u> :-

મિલકતની સ્થિતિ તપાસતાં આપણને ઘણા મોટા ફેરફાર જોવા મળે છે. મિલકતમાં જમીન, વૃક્ષો, ઘર, પશુઓ, ખેતીના સાધનો, ઘરવખરીના સાધનો, રોકડ, સોના-ચાંદીના દાગીના વગેરે ઘરેણાં છે અને અત્યારના બજારભાવ પ્રમાણે તેની કિંમત મૂકી છે અહીં ખેતી કરતા અને ખેતમજૂરી કરતા કુટુંબોની મિલકત અલગ અલગ રીતે દર્શાવી છે.

<u>મિલકત (૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯)</u>

| વિગત | વર્ષ | મિલકત કુટુંબદીઠ | મિલકત વ્યક્તિદીઠ |
|---|---|---|---|
| ૧. ખેતી કરતા કુટુંબો | ૧૯૬૯ | ૭૯૧૬.૮૦ | ૧૦૫૫.૪૦ |
| | ૧૯૭૯ | ૧૧૨૨૮.૫૦ | ૧૪૯૭.૧૦ |
| | ૧૯૮૯ | ૨૨૭૦૦.૮૦ | ૪૩૨૩.૭૦ |
| ૨. ખેત(મજૂરી) કરતા કુટુંબો | ૧૯૬૯ | ૫૯૫.૦૦ | ૧૧૪.૮૦ |
| | ૧૯૭૯ | ૧૯૧૧.૦૦ | ૨૬૯.૧૦ |
| | ૧૯૮૯ | ૨૨૯૮.૭૦ | ૪૫૦.૭૦ |

મિલકત અંગેનો કોઠો જોતાં એવું દેખાય છે કે મિલકતોમાં વધારો થયો છે. એમાં પણ ખેતી કરતા કુટુંબોમાં ૧૯૬૯ અને ૧૯૭૯ના દશકા કરતાં ૧૯૭૯ અને ૧૯૮૯ના દશકામાં મિલકતમાં લગભગ બમણો વધારો થયો છે. તેની સામે ખેતમજૂરી કરતા કુટુંબોમાં મિલકતમાં બહુ વધારો નોંધાયો નથી. સાથે એ જૂથ પાસે મિલકત પણ ઘણી જ ઓછી છે. આ સિવાય ભૌતિક સાધનોમાં વધુ ખરીદી કરી નથી તેની પ્રતિતિ નીચેના કોઠા પરથી થશે.

## ઘરવખરીની મિલકત

| ક્રમ | મિલકતનું નામ | મિલકતની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ખેતી કરનાર | | | ખેતમજૂર - જમીન વિહોણા | | |
| | વર્ષ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | કુલ કુટુંબ | ૧૬ | ૮ | ૮ | ૨૨ | ૨૨ | ૧૦ |
| | <u>વાસણો</u> | | | | | | |
| ૧ | એલ્યુમિનિયમ | ૩૮ | ૩૯ | ૭૯ | ૨૨ | ૬૮ | ૭૦ |
| ૨. | પિત્તળ | ૩૧ | ૧૪ | ૪૬ | ૧૭ | ૩૧ | ૨૮ |
| ૩ | તાંબુ | ૯ | – | – | ૧ | – | – |
| ૪ | માટી | ૩૪ | ૨૬ | ૨૫ | ૨૨ | ૫૮ | ૨૯ |
| ૫ | કાંસુ | – | – | ૨૬ | – | – | ૧૦ |
| ૬ | સ્ટીલ | – | – | ૮૬ | – | – | ૫૨ |
| [illegible] | <u>અન્ય સાધનો</u> | – | – | – | – | – | – |
| ૭ | કાથીના ખાટલા | ૪૩ | ૫ | ૧૩ | ૨૨ | ૧૩ | ૧૭ |
| ૮ | માછલા જાળ | – | – | – | – | – | – |
| ૯ | ફર્નીચર | ૧ | ૨ | ૨ | – | ૨ | – |
| ૧૦ | કાંડા ઘડિયાળ | ૧ | – | – | – | – | ૧ |

(આગળનો કોઠો ચાલુ)

| ક્રમ વર્ણ | ખેતી કરનાર | | | ખેતમજૂર-જમીન વિહોણા | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ વર્ણ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| ૧૧ રેડિયો | - | - | - | - | ૧ | ૧ |
| ૧૨ પેટ્રોમેક્સ | - | - | - | - | - | - |
| ૧૩ ફાનસ | ૭ | - | - | ૨ | ૧ | - |
| ૧૪ ચીમની | ૩૦ | ૮ | ૧૧ | ૧૮ | ૨૦ | ૧૪ |
| ૧૫ ટોપલા-ટોપલી | ૧૬ | ૩૨ | ૨૧ | ૫ | ૮૮ | ૨૦ |
| ૧૬ બેટરી | ૨ | ૨ | - | ૨ | ૧ | ૧ |
| ૧૭ પેટી | ૧૧ | ૧ | ૬ | ૪ | - | ૫ |
| ૧૮ ઘંટી | ૩૩ | ૬ | ૨ | ૧૮ | ૮ | - |
| ૧૯ અન્ય | ૬ | - | - | - | - | ૧ |
| ૨૦ પ્રાયમસ | - | - | - | - | - | - |
| ૨૧ ટી. વી. | - | - | - | - | - | - |
| ૨૨ પંખો | - | - | - | - | - | - |
| ૨૩ છત્રી | ૧૩ | - | - | ૪ | - | - |
| ૨૪ સંચો | ૧ | - | - | - | - | - |

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાશે કે ૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષમાં ખેતી કરતા કે ખેતમજૂરી કરતા એકપણ કુટુંબ પાસે કાંસા કે સ્ટીલના વાસણો ન હતા. તેની જગ્યાએ ૧૯૮૯ની તપાસ વેળાએ ખેતી કરતા કુટુંબો પાસે સ્ટીલના ૮૬ વાસણો એટલે કે સરેરાશ એક કુટુંબ પાસે ૧૧ સ્ટીલના વાસણો હતા, એજ રીતે ખેતમજૂરી કરતા કુટુંબ પાસે સરેરાશ ૫ સ્ટીલના વાસણો હતા. એક વસ્તુ એ જોવા મળે છે કે ૧૯૬૯ના વર્ષમાં તપાસ સમયે ૧૦ ત્રાંબાના વાસણો હતા જે પછીની બંને તપાસમાં જોયા નથી. આમ તાંબાના વાસણો વેપારીને ત્યાં જતા રહ્યા છે. એજ રીતે ખેતી કરતા કુટુંબોમાં ૧૯૬૯ અને ૧૯૭૯ના કરતા ૧૯૮૯ના વર્ષમાં એલ્યુમિનિયમ અને પિત્તળના વાસણોની સંખ્યા વધી છે જ્યારે ખેતમજૂરી કરતા કુટુંબો પાસે છેલ્લા દશ વર્ષમાં આ સંખ્યા વધેલી જણાતી નથી.

અન્ય સાધનોમાં ફરનીચર જોતાં ખેતી કરતા કુટુંબોમાં આની સંખ્યામાં ફરક જણાતો નથી જયારે તપાસના ૧૯૭૯ના વર્ષમાં ખેતમજૂરી કરતા કુટુંબો પાસે ફરનીચરમાં બે ખુરશી હતી તે ૧૯૮૯ના વર્ષમાં જોવા નથી મળતી. તપાસના અનુક્રમ વર્ષોમાં ઘંટીની સંખ્યા ઘટતી જાય છે. એમાં પણ ૧૯૮૯માં ખેતમજૂરી કરતા એક પણ કુટુંબ પાસે ઘંટી રહી નથી. આની પાછળનું કારણ ગામમાં ઘંટીની સગવડતા થઈ છે તે હોઇ શકે. આમ ઉપરોકત ફેરફારો ઘરવખરીના સાધનોમાં જોવા મળ્યા હતા.

<u>આવક</u> :-

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસ વેળાએ ખેતી કરતા અને ખેતમજૂરી કરતા કુટુંબોને કયા કયા સ્ત્રોતો ધ્વારા આવક થઈ છે તે નીચેના કોઠામાં બતાવી છે.

આવક : ૧૯૬૯–૧૯૭૯–૧૯૮૯

| ક્રમ | વર્ષ | | ખેતી-પશુપાલન આવક | | મજૂરીની આવક | | જંગલ પેદાશની મજૂરી આવક | | નોકરીની આવક | | અન્ય આવકો | | કુલ આવક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખેતી કરતા | ખેતમજૂરી કરતા | ખેતી કરતા | ખેતમજૂરી કરતા | ખેતી કરતા | ખેતમજૂરી કરતા | ખેતી કરતા | ખેતમજૂરી કરતા | ખેતી કરતા | ખેતમજૂરી કરતા | ખેતી કરતા | ખેતમજૂરી કરતા |
| ૧ | ૧૯૬૯ | કુટુંબદીઠ | ૧૧૪૯ | ૩૨ | ૩૫૮ | ૫૯૦ | – | ૧૫ | – | – | ૨૪૬ | ૧૫૫ | ૧૭૫૩ | ૭૯૪ |
| | | માથાદીઠ | ૧૫૩ | ૬ | ૪૭ | ૧૧૩ | – | ૩ | – | – | ૩૨ | ૩૦ | ૨૩૩ | ૧૫૩ |
| ૨ | ૧૯૭૯ | કુટુંબદીઠ | ૧૦૦૦ | ૨૫ | ૨૨૩૬ | ૩૯૨૨ | ૧૫૦ | ૨૫ | – | – | – | – | ૩૩૮૭ | ૩૯૭૨ |
| | | માથાદીઠ | ૧૩૩ | ૩ | ૨૯૮ | ૫૫૨ | ૨૦ | ૩ | – | – | – | – | ૪૫૧ | ૫૫૯ |
| ૩ | ૧૯૮૯ | કુટુંબદીઠ | ૧૯૩૮ | ૫૦ | ૨૮૩૦ | ૩૫૯૧ | – | – | ૧૨૫ | ૧૪૪૦ | ૪૧૨ | ૪૦ | ૫૦૬૮ | ૫૦૫૧ |
| | | માથાદીઠ | ૩૬૯ | ૯ | ૨૮૩૯ | ૭૦૪ | – | – | ૨૩ | ૨૮૨ | ૭૮ | ૭ | ૬૬૫ | ૬૯૦ |

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવે છે કે ખેતી કરતા અને ખેતમજૂરી કરતા કુટુંબોની આવકમાં ફેરફાર થયા છે. ખાસ કરીને ૧૯૬૯ અને ૧૯૭૯ની તપાસમાં ૧૯૬૯ કરતા ૧૯૭૯માં ખેતીની આવકમાં ઘટાડો થયો છે જ્યારે ૧૯૮૯માં ખેતીની આવક વધી છે. અહીં એક બાબતનો ઉલ્લેખ કરું તો આમાં ખેતીની આવક કરતા પશુપાલનની આવકમાં ઘણો વધારો થયો છે તેવું લાગે છે.

ખેતમજૂર કુટુંબોમાં ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં ખેતી + પશુપાલન-ની આવકમાં ઘટાડો થયો છે પરંતુ ૧૯૮૯ની તપાસ વેળા આ આવકમાં લગભગ બમણો વધારો થયો છે. આમ છેલ્લા એક દશકામાં પૂરક આવક તરીકે પશુપાલનના વ્યવસાયને સ્વીકારવાની વૃત્તિ વધી છે, તેનું આ સીધું પરિણામ છે.

મજૂરીની આવક જોતાં ખેતી કરતા કુટુંબોમાં તપાસના દરેક તબક્કે મજૂરીમાંથી થતી આવકમાં વધારો થયેલ જોવા મળે છે પરંતુ ખેતમજૂરોની મજૂરીમાંથી થતી આવક ૧૯૭૯ની તપાસ કરતાં ૧૯૮૯માં ઓછી જોવા મળે છે.

જંગલમાંથી થતી આવક તપાસના ત્રણે ગાળામાં ઘટતી જાય છે અને ૧૯૮૯ની તપાસ વેળા એક પણ કુટુંબને જંગલની આવક થઈ નથી. આની પાછળનું મુખ્ય કારણ જંગલો કપાતા જાય છે તે છે.

એ વસ્તુ સારી દેખાય છે કે ૧૯૮૯ની તપાસ વેળા નોકરી-માંથી આવક થતી દેખાય છે. તેમાં પણ ખેતી કરતા કુટુંબો કરતા ખેતમજૂરી કરતા કુટુંબો નોકરીમાંથી વધુ આવક મેળવે છે.

એકંદર કુલ આવકનું ચિત્ર જોતાં ૧૯૬૯ કરતાં ૧૯૭૯ વેળા અને ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં આવક વધેલી દેખાય છે.

જે આવક થાય છે તેના કરતાં ખર્ચ વધી જતું હોય તેવું દેખાય છે. તેમાં પણ ખેતી કરતા કુટુંબો કરતાં ખેતમજૂરી કરતાં કુટુંબોનું ખર્ચ વધી જાય છે. તપાસના ત્રણે તબક્કે આવક અને ખર્ચ કેટલા છે તે નીચે બતાવ્યા છે.

આવક અને ખર્ચ

| ક્રમ | વિગત | વર્ષ | આવક | | ખર્ચ | |
|---|---|---|---|---|---|---|
| | | | કુટુંબદીઠ | વ્યક્તિદીઠ | કુટુંબદીઠ | વ્યક્તિદીઠ |
| ૧. | ખેતી કરતા કુટુંબો | ૧૯૬૯ | ૧૭૫૩ | ૨૩૩ | ૧૪૬૫ | ૧૯૪ |
| | | ૧૯૭૯ | ૩૩૮૭ | ૪૫૧ | ૩૬૧૧ | ૪૦૬ |
| | | ૧૯૮૯ | ૫૦૬૮ | ૬૬૫ | ૪૯૮૨ | ૬૪૯ |
| ૨ | ખેતમજૂરી કરતા કુટુંબો | ૧૯૬૯ | ૭૬૪ | ૧૫૩ | ૭૬૪ | ૧૪૭ |
| | | ૧૯૭૯ | ૩૯૭૨ | ૫૫૯ | ૪૦૩૬ | ૫૬૮ |
| | | ૧૯૮૯ | ૫૦૫૧ | ૯૯૦ | ૫૩૫૭ | ૧૦૫૦ |

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવશે કે તપાસના દરેક તબક્કે આવકમાં વધારો થયો છે, એજ રીતે ખર્ચમાં પણ વધારો દેખાય છે. તપાસના ૧૯૮૯ના વર્ષમાં ખેતી કરતા કુટુંબોમાં સરેરાશ આવક કરતાં ખર્ચ ઓછું જોવા મળે છે. પરંતુ આમાં હકીકત એ છે કે એકાદ કુટુંબની આવક વધારે હોવાથી આવું બન્યું છે પરંતુ દરેક કુટુંબની આવકને જોવામાં આવે તો મોટાભાગના કુટુંબોમાં આવક કરતા ખર્ચ વધુ જોવા મળે છે. આ હકીકતને પુષ્ટિ તેઓની દેવાની સ્થિતિ જોવાથી મળે છે.

દેવું :-

ખેતી કરતા કુટુંબોમાં દેવાનું પ્રમાણ ૧૯૬૯માં સરેરાશ કુટુંબદીઠ રૂા. ૩૮૨ હતું. ૧૯૭૯માં આ દેવું સરેરાશ કુટુંબદીઠ રૂા. ૮૭૨ હતું. એટલે કે લગભગ અઢી ગણું થઇ ગયું હતું જ્યારે ૧૯૮૯ની તપાસ સમયે આ દેવું સરેરાશ કુટુંબદીઠ રૂા. ૪૬૨ હતું. આમ ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં દેવું ઘટયું છે. આનો અર્થ એ નથી કે તેમની આર્થિક સ્થિતિ સુધરી છે પરંતુ પોતાની પાસે દાગીના કે અન્ય કોઇ મિલકત મૂકવા જેવી ન હોવાથી ક્યાંયથી પૈસા મળતા નથી જ્યારે ખેતમજૂર કુટુંબોમાં તપાસના ત્રણે વર્ષોમાં દેવું વધ્યું છે જે નીચેના કોઠા પરથી જોઈ શકાશે.

દેવું :-

| ક્રમ | વિગત | વર્ષ | કુટુંબદીઠ | માથાદીઠ |
|---|---|---|---|---|
| ૧. | ખેતી કરતા કુટુંબો | ૧૯૬૯ | ૩૮૨.૬ | ૫૧.૦ |
| | | ૧૯૭૯ | ૮૭૨.૫ | ૧૧૬.૩ |
| | | ૧૯૮૯ | ૪૬૨.૫ | ૮૮.૦ |
| ૨. | ખેતમજૂરી કરતા કુટુંબો | ૧૯૬૯ | ૬૫.૫ | ૧૨.૬ |
| | | ૧૯૭૯ | ૩૦૨.૦ | ૪૨.૫ |
| | | ૧૯૮૯ | ૪૦૦.૦ | ૭૮.૪ |

દેવું કયા હેતુ માટે કર્યું છે તે અંગે પૃચ્છા કરતા મુખ્યત્વે જીવનનિર્વાહ માટે દેવું કરવું પડે છે તેવા કિસ્સા વધુ જોવા મળે છે. આ રકમ તેઓ શાહુકાર-વેપારી અને સગાસંબંધી પાસેથી મેળવે છે.

સમગ્ર આવક-ખર્ચ અને દેવાનું ચિત્ર જોતાં ખ્યાલ આવે છે કે તપાસના ત્રણે વર્ષોમાં ફેરફારો દેખાય છે. આવક વધે છે પરંતુ તે આવક આટલી મોંઘવારીમાં પોતાનું કે કુટુંબનું જીવનનિર્વાહ ચલાવી શકતી નથી.

ખેતી કરતા કુટુંબોએ નવી ખેતી તરીકે કેળની ખેતી કરવાનું શરૂ કર્યું છે અને તેમાંથી આવક પણ સારી મળે પરંતુ આમાં મુખ્યત્વે પાયાની બાબત એ છે કે સિંચાઈ સુવિધા હોવી જોઈએ જે આદિવાસી કુટુંબો પાસે ન હોવાથી ધાર્યા પરિણામો નથી મળતા.

આ સિવાય એ પણ નોંધવું જોઈએ કે ગામમાં ધિરાણ અંગેની વ્યવસ્થા ન હોવાથી તેઓ શાહુકાર-વેપારી પાસેથી પૈસા મેળવે છે. ગામમાં દૂધ સહકારી મંડળી ન હોવાથી બહારથી આવતા વેપારીને દૂધ છૂટક આપી દે છે. જેમાં વેપારી ધ્વારા પૂરતી રકમ કે ભાવ અપાતા નથી તે પણ જાણવા મળ્યું છે.

<u>શિક્ષણ</u> :-

૧૯૮૧ પ્રમાણે રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ ૪૩.૭૦ ટકા હતું, તે સામે નાનાસાંજા ગામમાં ૪૬.૭૭ ટકા શિક્ષણનું પ્રમાણ હતું. પુરુષ અને સ્ત્રીની રીતે જોતાં રાજ્ય કરતાં નાનાસાંજા ગામમાં આ પ્રમાણ વધે છે. ગામમાં આ શિક્ષણ વધ્યું છે તેમાં મુખ્ય તો બિન આદિવાસીમાં શિક્ષણ વધ્યું છે તેવું ૧૯૮૯ની તપાસમાં દેખાયું. ખરેખર આદિવાસીઓમાં તો શિક્ષણ લેવાનું પ્રમાણ ઘટતું જાય છે તેવું દેખાય છે. આ ચિંતા પ્રેરે તેવી બાબત હોવા છતાં એક નરી હકીકત પણ છે જે નીચેના કોઠા પરથી દેખાશે.

## શાળામાં ધોરણવાર શિક્ષણ લેતા બાળકોની સંખ્યા
(૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯)

| વર્ગ | ૧૯૬૯ છોકરા | ૧૯૬૯ છોકરી | ૧૯૬૯ કુલ | ૧૯૭૯ છોકરા | ૧૯૭૯ છોકરી | ૧૯૭૯ કુલ | ૧૯૮૯ છોકરા | ૧૯૮૯ છોકરી | ૧૯૮૯ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ધોરણ- ૧ | ૩૦ | ૧૩ | ૪૩ | ૨૮ | ૨૩ | ૫૧ | ૬ | ૪ | ૧૦ |
| ધોરણ- ૨ | ૧૫ | ૯ | ૨૪ | ૮ | ૧૦ | ૧૮ | ૭ | ૪ | ૧૧ |
| ધોરણ- ૩ | ૭ | ૭ | ૧૪ | ૧૧ | ૬ | ૧૭ | ૧૧ | ૧૨ | ૨૩ |
| ધોરણ- ૪ | ૮ | ૬ | ૧૪ | ૯ | ૪ | ૧૩ | ૧૦ | ૭ | ૧૭ |
| ધોરણ- ૫ | ૪ | ૨ | ૬ | ૭ | ૫ | ૧૨ | ૧૮ | ૧૬ | ૩૪ |
| ધોરણ- ૬ | - | - | - | ૪ | ૫ | ૯ | ૧૧ | ૨ | ૧૩ |
| ધોરણ- ૭ | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| કુલ | ૬૪ | ૩૭ | ૧૦૧ | ૬૭ | ૫૩ | ૧૨૦ | ૬૪ | ૪૫ | ૧૦૯ |

ઉપરોક્ત કોઠામાં જે શિક્ષણનું ચિત્ર જોવા મળે છે તેમાંથી જે બે ત્રણ બાબતો જોવા મળે છે તે આ પ્રમાણે છે.

(૧) ગામમાં ૧૯૬૯માં ધોરણ-૧થી ૫ સુધીની શાળા હતી. ૧૯૭૯ માં ધોરણ ૧થી ૬ સુધીની શાળા હતી, જ્યારે ૧૯૮૯ની તપાસ વેળા ગામમાં ધોરણ- ૧થી ૭ સુધીની શિક્ષણની સુવિધા જોવા મળી. આમ તપાસના દરેક તબક્કે પ્રાથમિક શિક્ષણ માટેની સુવિધા વધેલી દેખાય છે.

(૨) પ્રત્યેક તપાસ વખતે એ જોવાયું છે કે ધોરણ-૧માં દાખલ થતા વિદ્યાર્થીની સંખ્યા ઘટતી જાય છે. તપાસના ૧૯૬૯ના વર્ષમાં ધોરણ-૧માં દાખલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૩ હતી. ૧૯૭૯માં ધોરણ-૧માં દાખલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૫૧ હતી. જ્યારે ૧૯૮૯માં તપાસ સમયે ધોરણ-૧માં દાખલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૧૦ હતી. આનો અર્થ એ કે નાનાસાંજા ગામના આદિવાસી બાળકોમાં ઉત્તરોત્તર શિક્ષણ લેનારની સંખ્યા ઘટતી જાય છે. વળી

(૩) ધોરણ-૧માં દાખલ થતા વિદ્યાર્થીઓમાંથી ધોરણ- ૭ સુધી પહોંચનારની સંખ્યા તો તદ્દન ઓછી છે. મતલબ કે અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઘણું વધું છે.

(૪) નાનાસાંજા ગામમાં આદિવાસી કન્યાઓમાં શિક્ષણ લેવા તરફ ઝોક વધ્યો છે, તે છેલ્લા બે દશકાના ચિત્ર પરથી સ્પષ્ટ દેખાય છે. ૧૯૬૯માં શિક્ષણ લેવામાં છોકરા-છોકરીની સંખ્યામાં ઘણો મોટો ગાળો હતો જેની સામે ૧૯૭૯ અને ૧૯૮૯માં આ ગાળો ઘણો ઘટતો દેખાય છે.

# પ્રકરણ - ૬

## અભ્યાસ આધારિત
## પ્રશ્નો, તારણો અને સૂચનો

૧૯૮૯માં નાનાસાંજા ગામની પુનઃતપાસ કરી, તપાસ દરમિયાન ગામના આગેવાનો, કુટુંબના વડાઓ અને અવલોકનથી જે કાંઈ પ્રશ્નો જોવા અને જાણવા મળ્યા તેને અહીં બે વિભાગમાં મૂક્યા છે. (અ) ગામ સંબંધના પ્રશ્નો અને (બ) આદિવાસી કુટુંબોના પ્રશ્નો.

(અ) : ગામ સંબંધમાં પ્રશ્નો :-

આ પ્રશ્નોમાં પાયાની સુવિધા અને બીજા કેટલાક પ્રશ્નોને લીધા છે.

(૧) પીવાનું પાણી :-

ખાસ કરીને ઉનાળામા સમયમાં ગામ લોકોને પીવાના પાણીની આબદા પડે છે અને લગભગ ૨ કિ.મી.ના અંતરેથી પાણી લાવવું પડે છે.

ગામમાં અત્યારે પાઈપ લાઈન નાંખી દીધી છે, જ્યાં પાઈપ લાઈન નાંખી શકાઈ નથી તેવા આદિવાસી વસવાટ બાજુ સ્ટેન્ડ પોસ્ટ મૂકયું છે પરંતુ પાયાની બાબત જે છે તે બોર થયો નથી. તાલુકા અને જિલ્લા કક્ષાએ બોર જલ્દીથી થાય તે માટે પત્રવ્યવહાર ચાલે છે પરંતુ તેઓ સાથેની ચર્ચા ધ્વારા જાણવા મળ્યું કે આ બધું ગોકળગાયની ગતિએ ચાલે છે. ગામ માટે જો બોર કરી આપવામાં આવે તો નાનાસાંજા ગામના લોકોનો પાણી સંબંધી પ્રશ્નનો ઉકેલ આવે.

(૨) રહેઠાણ :-

ગામમાં પ્રતિવર્ષ કુટુંબોમાં વધારો થાય છે. તેની સામે વસવાટ માટેની જમીન વધતી નથી અને એ રીતે રહેઠાણની સમસ્યા

પ્રતિદિન વધતી જાય છે. ગામ રહેઠાણ-વસવાટની સ્થિતિ પણ એવી છે કે હવે આજુબાજુ રહેઠાણ મકાનો બનાવી શકાય તે તેમ નથી.

(૩) જાહેર આરોગ્ય :-

છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ગામની પાસે જ (આગળના ભાગે) બે સીમેન્ટની અને એક ડામરની કાંકરી બનાવવાની એમ ત્રણ ક્વોરી ચાલુ થઈ છે. એવું કહેવાય છે કે જ્યારે આ ક્વોરી ચાલુ હોય તે સમય દરમિયાન ગામની અંદર એકદમ ઝીણી રજકણ ઉડે છે અને લગભગ દશ-પંદર ફૂટ ઉભેલી વ્યક્તિને જોઈ શકાતી નથી અને અનુભવીઓ તો ત્યાં સુધી કહે છે કે પાંચ વર્ષ પછી આ ગામમાં મોટાભાગના દમથી પિડાતા હશે.

આ માટે ગામ લોકો તરફથી વિરોધ શરૂ થયો છે અને સંબંધિત અધિકારીઓને રજૂઆત કરી છે પરંતુ એવું કહેવાય છે કે ક્વોરીવાળા પહોંચેલા છે તેથી અમારું કંઈ વળશે નહિ. આ ઘણી જ ગર્ભિત બાબત છે. જો અત્યારથી આના તરફ ધ્યાન નહિ અપાય તો નાનાસાંજા ગામના રહિશોનું ભવિષ્ય ઘણું જ ખરાબ હશે.

આરોગ્યની જ વાત કરીએ છીએ તો એ બાબત પણ ધ્યાનમાં આવી છે કે ગામના લોકો જાહેર આરોગ્ય સંબંધમાં બહુ ગંભીર નથી. મોટાભાગના કુટુંબો પોતાના ઘર પાસે જ (આગળના ભાગે) ઢોર બાંધે છે. આથી છાણ, કચરો વગેરે આગળ જ પડેલા હોય છે. ઘણી જગ્યાએ તો આખો રસ્તો જ ખરાબ હોય છે કે ચાલી પણ શકાતું નથી. અને પાણી પણ આગળના ભાગમાં ઢોળવાની ટેવને કારણે ગંદકી વધુ રહે છે.

(૪) રસ્તા :-

ગામમાં પ્રવેશતાં રાજપુત વાસ અને માછીવાસ તરફ

જવાના રસ્તા પર (ત્યાં બીજા પણ કેટલાક બિન આદિવાસી કુટુંબો છે) પથ્થર છે. બાકીના રસ્તાની સ્થિતિ ઘણી જ ખરાબ છે. બીજા કેટલાક નવા વસવાટ થયા છે. તેમાંના કેટલાકને તો રસ્તાની જ સુવિધા નથી ત્યાં રહેતા કુટુંબો માત્ર ચાલી શકે તેવી કેડી છે, પરંતુ મોટું સાધન જઈ શકે તેમ નથી. આમ ગામના કેટલાક ભાગમાં રસ્તા બરોબર નથી અને ગામના કેટલાક ભાગને રસ્તો જ નથી.

(બ) <u>આદિવાસી કુટુંબોના પ્રશ્નો</u> :-

આદિવાસી કુટુંબોની પાયાની સુવિધાઓ વસવાટની રીતે અને આર્થિક રીતે કેટલીક મુશ્કેલી અનુભવતા જણાયા છે. તેઓના મુખ્ય મુખ્ય પ્રશ્નો આ પ્રમાણે છે.

(૧) <u>રહેઠાણ</u> :-

આદિવાસી કુટુંબો માટે અત્યારે આ પ્રાણપ્રશ્ન છે. તેમની રહેઠાણ વ્યવસ્થા જોતાં જ આપણને આ બાબત નજરે તરી આવે છે. તેમના ઘરોમાં સારી રીતે ઉભા રહી શકાતું નથી, એટલા નીચા છે. તેમની પાસે જે થોડી ઘણી ઘરવખરી છે તે પણ રહી શકે તેમ નથી. કેટલાક મકાનો તો તૂટેલી હાલતમાં જોવા મળે જેની ભીંતો કે છાજ વ્યવસ્થિત નથી હોતા.

વળી આ ઘરોની રચના અને આજુબાજુનો વિસ્તાર જોતાં ઘરોની સંખ્યા વધે તેમ નથી. આને લઈને કોઈક મુખ્ય ઘરની પાસે ઝુંપડું બાંધીને રહે છે. આને જોઈને એમ લાગે કે આમાં રહી શકાય ખરું ? પણ કેટલાક કુટુંબો આ સ્થિતિમાં રહે છે.

પછાત લોકો માટે રહેઠાણના મકાનો બનાવવાની યોજના છે તેનો લાભ આ ગામને મળ્યો છે અને ગામમાં ત્રણ

વસાહતો બનાવી છે. આમાંની બે વસાહતના મકાનો બનાવ્યા પછીના થોડા સમયમાં પડી ગયેલા છે. અને ત્યાં હાલમાં રહેવું મુશ્કેલ છે. બાકી રહેતી જે એક વસાહત છે તેમાં લગભગ સોળ મકાનો છે જેમાંથી સાતેકમાં રહી શકાય તેવું છે. બાકીના ભાંગી-તૂટેલી હાલતમાં છે.

(૨) ખેતીની જમીન :-

ગામમાં વસતા આદિવાસી કુટુંબોમાંથી અડધા કુટુંબો પાસે ખેતી માટેની જમીન છે તે પણ સરેરાશ ૨ એકર જેટલી છે. વળી આ જમીન પણ ઢોળાવ અને ટેકરાવાળી છે જેથી જમીનનું ધોવાણ વધુ થાય છે. આમ ખેતી મુખ્ય વ્યવસાય હોવા છતાં જીવન નિર્વાહ પૂરતું પણ તેમાંથી મળતું નથી.

આતો થઈ જમીનની વાત પરંતુ ખેતી માટે સિંચાઈ, ખેતીના પ્રાથમિક ઓજારો, બિયારણ અને જંતુનાશક દવા ન તેઓ પાસે જ હોવાને કારણે ખેતીમાંથી ધાર્યું ઉત્પાદન લઈ શકાતું નથી.

(૩) સિંચાઈ :-

ખેતી સાથે જ સંકળાયેલી બાબત સિંચાઈ છે. આદિ-વાસી ખેડૂતોને સિંચાઈની સગવડતા ન હોવાને કારણે કુદરત આધારિત ખેતી છે અને તેમાં પણ પૂરતો અને નિયમિત વરસાદ ન આવે તો પાક નિષ્ફળ જાય છે.

(૪) મજૂરી :-

જે કુટુંબો પાસે ખેતીની જમીન નથી તેવા કુટુંબો મજૂરી કામ કરી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે, સાથે જેમની પાસે ખેતીની જમીન છે, તેવા કુટુંબો પણ મજૂરીકામ તો કરે જ છે. આમ અત્યારે મોટાભાગના કુટુંબો મજૂરી ઉપર નિર્ભર છે તેમ કહી શકાય.

એવું જાણવા મળ્યું કે આ લોકોને મજૂરી કાયમી મળતી નથી. સરેરાશ પાંચ-છ માસ મજૂરી કામ મળે છે. અને જે સમયમાં મજૂરી મળે છે ત્યારે મજૂરીના દર પૂરેપૂરા મળતા નથી. સરકારશ્રી તરફથી મજૂરીના દરો અંગેની જાહેરાત થાય છે એની અસર અહીં દેખાતી નથી. આ લોકોને તો માત્ર રૂા. ૫ થી ૭ જ મજૂરી મળે છે. હા, મોસમમાં ૧૨ થી ૧૫ આપે પરંતુ એ કેટલા દિવસ ?

(૫) વીજળી :-

નાનાસાંજા ગામમાં છેલ્લા ચાર-પાંચ વર્ષથી વીજળી મળી છે. ગામમાં જુદા જુદા ફળિયામાં જાહેર થાંભલા નાંખ્યા છે. બિન આદિવાસીના મોટાભાગના કુટુંબોએ પોતાને ત્યાં વીજળી લીધી છે.

પરંતુ આદિવાસી વસવાટની મુલાકાત લેતા એવું જાણવા મળ્યું કે મહોલ્લાની રચનાને ધ્યાનમાં લેતા પૂરતા થાંભલા નંખાયા નથી. હજુ વધુ થાંભલાની જરૂર છે. જે થાંભલા છે તેની પર નિયમિત ગોળા નથી હોતા તેવું પણ કેટલાકે કહયું. આદિવાસીઓના આશરે ૧૪૨ કુટુંબો ગામમાં છે. આમાંથી માત્ર દશ-બાર કુટુંબોને ત્યાં વીજળી છે. બાકી રહેતા કુટુંબો પોતાને સ્વખર્ચે આ લાભ લઈ શકે તેમ નથી.

(૬) શિક્ષણ :-

પ્રકરણ-૧માં રાજ્યમાં, જિલ્લામાં, તાલુકામાં અને નાનાસાંજા ગામમાં સાક્ષરતાના આંકડા (ટકાવારી) મૂકયા છે, તેમાં સાક્ષરતાની ટકાવારી નાનાસાંજા ગામની વધુ જોવા મળી છે.

પરંતુ મુલાકાત દ્વારા અને નિશાળમાંથી આંકડા મેળવ્યા તો એવું જોવા મળ્યું કે ગામના આદિવાસીઓમાં

શિક્ષણ લેવાનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટતું જાય છે. આની વિગતે મા હિતી પ્રકરણ- ૫માં પરિવર્તન કેવું આવ્યું ત્યાં બતાવ્યું છે. આ આંકડા ઉપરથી દેખાય છે કે ૧૯૭૯માં શાળામાં આદિવાસી બાળકોની સંખ્યા ૧૦૯ છે. વળી ધોરણ પ્રમાણે જોઈએ તો ચાલુ સાલે ધોરણ-૧માં દાખલ થયેલ વિદ્યાર્થીઓ માત્ર દશ છે. આમાંથી કેટલા વિદ્યાર્થીઓ આગળ જશે તે તો ભવિષ્ય કહેશે. કેમ કે એવું અનુભવાયું છે કે આ લોકોમાં સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ વધુ છે. આ ઉપરાંત એક બાબત એ પણ જાણવા મળી કે રજીસ્ટર ઉપર જેટલા નામ છે તેમાંથી કેટલાક તો નિશાળે આવતા જ નથી.

<u>તારણો</u> :-

(૧) ગામમાં રહેતા બધા જ કુટુંબોને ઉનાળાના સમયે પીવાનું પાણી મુશ્કેલીથી મળે છે અને તે પણ ૨ કિ.મી. દૂરથી.

(૨) આદિવાસી કુટુંબો પાસે સારી રીતે રહી શકાય તેવા મકાનો નથી. માત્ર મકાનની જ વાત છે. તેની અંદરની હવા-ઉજાસ વગેરે સગવડતાની નહિ. તપાસ સમયે ૧૮ કુટુંબોને કાચા મકાનો હતા.

(૩) એ ઘણી આનંદની વાત છે કે ચાર-પાંચ આદિવાસી કુટુંબોને ત્યાં ટી.વી. છે. તેઓ રામાયણ, મહાભારત જેવી પ્રચલિત શ્રેણીઓ જુએ છે. ચિત્રાહારનો કાર્યક્રમ મોટાભાગના સભ્યો જુએ છે.

(૪) જ્યાં આદિવાસી વસવાટ છે તેવા મહોલ્લામાં વીજળીના થાંભલા પૂરતા નથી, ઘણીવાર થાંભલા ઉપર ગોળા ન હોય તેવી ફરિયાદ છે. ૧૪૨ આદિવાસી કુટુંબોમાંથી માત્ર દશ-બાર કુટુંબોને ત્યાં લાઈટ છે.

(૫) શિક્ષણ લેવાનું પ્રમાણ પ્રતિવર્ષ ઘટતું જાય છે. વ્યક્તિના વિકાસમાં શિક્ષણ પાયામાં છે. જો આજ રીતે શિક્ષણ

લેવાનું પ્રમાણ ઘટતું જશે તો ભવિષ્યમાં નાનાસાંજા ગામનું ~~એકપણ~~ આદિવાસી બાળક નિશાળમાં નહીં હોય

(૬) <u>ઘરવખરી</u> (ઘર, ઝાડ, પશુધન, ખેતીના સાધનો, દાગીના):-

કુટુંબદીઠ સરેરાશ ૧૯૬૯માં ૧૧૫૧ હતી. ૧૯૭૯માં ૧૩૧૭ હતી. (પશુધન સિવાય બંને તપાસ વખતે) અને ૧૯૮૯માં ૩૪૨૪ છે. છેલ્લા વર્ષોમાં વધેલી મોંઘવારીને ધ્યાનમાં લેવામાં આવે તો ઘરવખરી કેટલી ઓછી છે તે કલ્પી શકાય અને તેઓ કેટલા ઓછાં સાધનોથી પોતાનું જીવનચક્ર ચલાવતા હશે તે પણ જાણી શકાય છે.

(૭) ખેતી કરતા કુલ ૧૮ આદિવાસી કુટુંબોમાંથી ૮ કુટુંબો છે. આ કુટુંબો પાસે ખેતીના સાધનો બહુ જ થોડા હતા, જેમકે હળ-૨, કરબ-૨, વાવણીયા- ૨, નાના ઓજારો- ૨૫, ગાડું- ૧ અને બળદ- ૨ હતા. આ આંકડા ઉપરથી ખ્યાલ આવે છે કે તેઓ પાસે ખેતીના સાધનો કેટલા ઓછાં છે.

(૮) મજૂરોના વેતન અંગેના કાયદા છે. વખતો-વખત તેમાં ફેરફારો થતા રહે છે પરંતુ આ બધું માત્ર કાગળ ઉપર થતું હોય તેવું અભ્યાસ પરથી લાગે છે. વાસ્તવિકતા તો તદ્દન ભિન્ન છે. સરકારી નિયમાનુસાર ગામમાં મજૂરોને વેતન મળતું નથી. ત્યાં તો ચાર-પાંચ રૂપિયા મજૂરી ચૂકવાય છે.

(૯) ગામના આદિવાસીઓ ઘણા ગરીબ છે અને તે ગરીબી વધતી જતી હોય તેવું લાગે છે. સરેરાશ કુટુંબદીઠ આવક જોતા બધા જ આદિવાસી કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે.

એકાદ-બે કુટુંબોના સભ્યો જી.આઈ.ડી.સી.માં નોકરીને કારણે આગળ વધે છે તે વસ્તુ બાકીના માટે પ્રેરણારૂપ છે.

(૧૦) આરોગ્ય અંગેનું ચિત્ર બહુ સારું દેખાતું નથી. તેમાં પણ ગામ નજીક ક્વોરી થવાથી આરોગ્યની સ્થિતિ વધુ કથળશે તેમ લાગે છે.

(૧૧) એકાદ-બે કિસ્સા ક્ષયના દર્દીઓના છે. તેમને દવા માટે કોઈપણ પ્રકારની આર્થિક સહાય મળી નથી. વૃધ્ધ પેન્શનનો લાભ પણ નથી મળતો.

(૧૨) બિન આદિવાસી કુટુંબોમાં કેટલાકે પોતાને ત્યાં સંડાશ, બાથરૂમ અને બાયોગેસ બનાવ્યા છે.

<u>સૂચનો</u> :-

૧૯૬૯માં નાનાસાંજા ગામનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૭૯ અને ૧૯૮૯માં આ ગામ અને તેમાં વસતા કુટુંબોમાં કયા કયા પાસાંમાં કેટલું પરિવર્તન થયું છે તેને નજરમાં રાખી અભ્યાસો કરવામાં આવ્યા છે. આ અહેવાલના પ્રકરણ-પમાં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં ગામ અને તેમાં રહેતા કુટુંબમાં કેવું પરિવર્તન આવ્યું છે તે બતાવ્યું છે. એ આંકડાકીય ચિત્રથી જરૂર કહી શકાય કે પરિવર્તન થયું છે. આમાં પણ ગામમાં પાયાની સુવિધાઓમાં ફેર પડયો છે. લોકોના પહેરવેશ, ખોરાક, કામ કરવાની પધ્ધતિ-ઓમાં ફેરફારો દેખાય છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણની અસરો પણ આ ગામ શહેરોથી નજીક હોય પડી છે. વાહન અને સંદેશાવ્યવહારને લઈને દેશ અને દુનિયા અંગે વિચારતા અને ચર્ચા કરતા થયા છે. પરંતુ આ બધા છતાં દુઃખ સાથે એ પણ હકીકત છે કે આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં આવશ્યક ફેરફારો દેખાતા નથી. ગરીબી ઘટવાને બદલે વધી છે. શિક્ષણ ઘટતું જાય છે. કેટલાક સામાજિક કુરિવાજો છે. સાથે વિકાસ અંગેની સરકારશ્રીની કેટલીય યોજના હોવા છતાં (આ વિસ્તાર આદિવાસી પેટાયોજના નીચે છે.) યોજનાકીય લાભ મ્યાના xxx દાખલા જોવા નથી મળતા તો આ સંદર્ભમાં આ બધી બાબતોને નજરમાં રાખી વિકાસનો લાભ સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગોઠવાય તો ઘણા પ્રશ્નોને ઉકેલવાની દિશામાં આગળ વધી શકાય તેમ છે.

તેમની સાથેની ચર્ચાઓ પરથી અભ્યાસના આધારે કેટલાક સૂચનો કર્યા છે. તેને ધ્યાનમાં લઈ ભવિષ્યનું આયોજન ગોઠવાય તો અભ્યાસનો વ્યવહારુ ઉપયોગ થયો છે તેમ લાગે, સાથે આદિવાસી સમાજ અને કુટુંબોને પણ એમ થાય છે કે માત્ર અભ્યાસો કે માહિતી લેવાતી નથી પરંતુ તેના આધારે કુટુંબોને સહાય પણ થાય છે. સૂચનો આ પ્રમાણે છે.

(૧) જે કુટુંબો પાસે ખેતી છે તેમને ખેતીના સંદર્ભમાં સીધી મદદ કરે, સારું ઉત્પાદન મેળવી શકે તેમ કરવું જોઈએ. ખાસ કરીને અહીં છેલ્લા થોડા વર્ષોથી કેળની ખેતી કરવા તરફનું વલણ વધ્યું છે. અને તે માટે અહીંની જમીન અનુકૂળ છે. અત્યારે બિન-આદિવાસી ખેડૂત કુટુંબો કેળની ખેતી કરે છે અને તેમાંથી સારું વળતર મેળવે છે. તો આદિવાસી કુટુંબોને આ ખેતી માટે જરૂરી સહાય અને માર્ગદર્શન આપવા જોઈએ. સાથે જ અન્ય પાક લેવા માટે જરૂરી કિટસ અને દવા પણ આપવાં જોઈએ.

(૨) જે કુટુંબો પાસે ખેતી છે, તેને સિંચાઈની સુવિધા નથી અને સિંચાઈના અભાવે માત્ર ચોમાસુ પાક લેવાય છે. ગામથી માત્ર ૨ માઈલના અંતરે જ ગુજરાતની સૌથી મોટી નદી નર્મદા પસાર થાય છે, બીજી કાવેરી નદી પણ ગામ પાસે જ છે, તો ચેક ડેમ બનાવી પાણી રોકી સિંચાઈ થઈ શકે તેમજ વધુ કુવા કે બોર બનાવી સિંચાઈની સુવિધા ઉભી કરી શકાય તેમ છે.

(૩) ખેતી માટે ખેતી કામના ઓજારોની આવશ્યક્તા રહે છે. આગળના પ્રકરણોમાં જોયું કે આદિવાસી કુટુંબો પાસે ઓજારો નથી. જેમની પાસે છે તે કેટલા અપુરતા છે તે આંકડા ઉપરથી દેખાય છે. તો આ કુટુંબોને અગ્રતાનાક્રમે ખેતી માટેના જરૂરી સાધનો મળે તેમ કરવું જોઈએ.

(૪) છેલ્લા કેટલાક વર્ષોથી આદિવાસી સમાજમાં ખેતી સાથે પશુધન (દૂધાળા ઢોર) રાખવા તરફનું વલણ વધ્યું છે અને

અત્યાર સુધીના અભ્યાસો પરથી એવું લાગે છે કે આદિવાસી-ઓને પૂરક આવક મેળવવામાં આ વ્યવસાયોનું પરિણામ એકંદર સારું આવ્યું છે. જમીન વિહોણા કુટુંબો પણ આ વ્યવસાય કરી શકે તેમ છે તો આદિવાસી કુટુંબોને દૂધાળા ઢોર આપવાથી એમની આર્થિક સ્થિતિમાં ફેર પડશે. પરંતુ આ સાથે એક અગત્યની બાબત એ છે કે દૂધાળા ઢોર આપવાની યોજના સાથે દૂધ સહકારી મંડળી પણ કરવી જરૂરી છે જેથી કોઈ દ્વારા તેમનું શોષણ ન થાય અને દૂધનો ભાવ પૂરતો મળી રહે.

(૫) મજૂરોને કાયમી કામ મળતું નથી અને મજૂરી પણ પૂરતી મળતી નથી તો આ સંદર્ભમાં કાયમી મજૂરીકામ મળી રહે તેવી વ્યવસ્થા પણ જોઈએ અને એથી પણ મહત્વનું એ કે તેમને મજૂરીના દર પૂરા મળવા જોઈએ.

(૬). અમુક યુવકો અંકલેશ્વર અને ભરુચમાં જી. આઈ. ડી. સી.માં કે અન્ય કારખાનામાં જાય છે. તો બીજા યુવકોને પણ તાલીમ આપી તૈયાર કરવા જોઈએ. તેમને સુથારી, દરજીકામ, હીરા ઘસવા, લુહારીકામ, લાઈટ ફીટીંગ, ડ્રાઈવીંગ, ટી.વી. રીપેરીંગ વગેરે કામોની તાલીમ આપી એ માટેના સાધનો પૂરા પાડવા જોઈએ. જે યુવકો ભાડેથી વાહનો ફેરવી રોજી કમાવા તૈયાર હોય તેમને રીક્ષા કે ઉંટલારી આપવા જોઈએ.

(૭) શિક્ષણ લેવાનું વલણ ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં સુધર્યું તો નથી પણ વધુ બગડતું જતું દેખાય છે. શિક્ષણ લેનાર બાળકોની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જાય છે. તો આમ શા માટે બને છે તે તપાસી અને બાળકોમાં શિક્ષણ લેવા તરફની રૂચિ વધે તેમ કરવું જોઈએ. વાલીઓને શિક્ષણના ફાયદા અને બાળકો શિક્ષણ લેતા થાય તે માટે જાગૃત કરવા જોઈએ અને પ્રાથમિક શિક્ષણ તો ફરજિયાત લે જ તેમ થવું જોઈએ.

આની સાથે જ તાલુકામાં આશ્રમશાળા અને છાત્રાલયોની સંખ્યા ઓછી છે તો આદિવાસી વસતિને ધ્યાનમાં લઈ આશ્રમશાળા અને નવાં છાત્રાલયો ખોલવા જોઈએ. પ્રાયોજના કચેરી તરફથી બાળકોને શિક્ષણ અંગેના જે લાભો અપાય છે તેનાથી માહિતગાર કરવા જોઈએ.

(૮) છેલ્લા ત્રણ ચાર વર્ષથી ગામની આગળના ભાગે ત્રણ ક્વોરી ખુલી છે. આની રજકણો ખૂબ જ ઉડે છે. આવતા પાંચેક વર્ષમાં ગામના લોકોનું આરોગ્ય ઘણું ખરાબ હશે તેમ મનાય છે. ગામ લોકોએ આનો વિરોધ કર્યો છે પરંતુ આનું કાંઈ પરિણામ આવ્યું નથી. સરકારશ્રી તરફથી જ આ પ્રવૃત્તિને રોકી દેવામાં આવે તો બાળકોને અને મોટાઓને આરોગ્ય બાબતમાં બચાવી લેવાશે.

(૯) ગામમાં ઉનાળામા સમયે પીવાના પાણીનો પ્રશ્ન વિકટ બને છે. અત્યારે ગામમાં પાઈપ લાઈન નંખાઈ ગઈ છે પરંતુ એક બોરનો ખર્ચ (અંદાજે રૂપિયા ત્રીસ હજાર થાય છે) સરકારશ્રીની કોઈ યોજના દ્વારા આપવામાં આવે તો ગામની ૧૨૦૦ જેટલી વસતિનો પાણીનો પ્રશ્ન કાયમી રીતે ઉકલી જાય.

(૧૦) રહેઠાણની સમસ્યા વિકટ છે અને વધતી જાય છે. નબળા વર્ગો માટે ત્રણ વસાહતો બાંધી છે પરંતુ હાલમાં તેમાંથી કેટલાંકમાં રહી શકાય તેમ છે ? તે તપાસવું જોઈએ. ઓછા મકાનો ભલે બંધાય, પરંતુ જેટલા બનાવાય તે રહેવા યોગ્ય થવા જોઈએ નહિ તો માત્ર કાગળ પર વસાહતો બનાવી તેમ કહેવાશે પરંતુ તે લોકોપયોગી નહિ હોય.

-૦-૦-